

નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 107
Dt.: 21-02-2026,
Saturday
Page:04
Rs.00.50 paisa


ભારત સભ્ય નથી છતાં મીટિંગમાં થયું સામેલ

# ટ્રમ્પના બોર્ડ ઓફ પીસની પહેલી બેઠક યોજાઈ

### ગાઝામાં લાંબાગાળાની શાંતિ અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે એક આંતરરાષ્ટ્રીય સ્થિરીકરણ દળની રચના કરવામાં આવી




(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગાઝામાં શાંતિ અને પુનઃનિર્માણ માટે રચાયેલા 'બોર્ડ ઓફ પીસ'ની પ્રથમ બેઠક ગુરુવારે યોજાઈ હતી. આ મહત્ત્વપૂર્ણ બેઠકમાં ભારત એક સભ્ય દેશ તરીકે નહીં, પરંતુ 'નિરીક્ષક' દેશ તરીકે સામેલ થયું હતું.

વૉશિંગ્ટન ડીસી સ્થિત ભારતીય દૂતાવાસના પ્રભારી રાજદ્વારી નામગ્યા ખમ્પાએ આ બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ટ્રમ્પની આ ૨૦ મુદ્દાની શાંતિ યોજનાનો હેતુ માત્ર ઈઝરાયલ-હમાસ વચ્ચે શાંતિ સ્થાપવાનો જ નહીં, પરંતુ ભવિષ્યમાં વિશ્વભરના સંઘર્ષોને ઉકેલવાનો પણ છે.ગાઝાના પુનઃનિર્માણ માટે આર્થિક સહાયની જાહેરાત કરતા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ ખાસ બોર્ડ માટે ૧૦ અબજ અમેરિકન ડોલર ફાળવવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. તેમની આ પહેલને સમર્થન આપતા અન્ય નવ સભ્ય દેશોએ પણ ગાઝા રાહત પેકેજ માટે કુલ ૭ અબજ અમેરિકન ડોલર આપવાની સંમતિ આપી છે. આ આર્થિક સંકલ્પમાં સંયુક્ત આરબ એમિરેટ્સ, સાઉદી અરેબિયા, કતાર અને કુવૈત જેવા મહત્ત્વના દેશોએ પણ સક્રિય રીતે સાથ આપ્યો છે, જે આ ક્ષેત્રમાં સ્થિરતા અને શાંતિ સ્થાપવા માટેના વૈશ્વિક પ્રયાસોને વેગ આપશે.

ગાઝામાં લાંબાગાળાની શાંતિ અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે એક આંતરરાષ્ટ્રીય સ્થિરીકરણ દળની રચના કરવામાં આવી છે. મેજર જનરલ જેસ્પર જેફર્સના જણાવ્યા અનુસાર, આ મહત્વાકાંક્ષી યોજના હેઠળ કુલ ૨૦,૦૦૦ સૈનિકો અને ૧૨,૦૦૦ પોલીસકર્મીઓને ગાઝામાં તૈનાત કરવામાં આવશે, જેની શરૂઆત સૌથી પહેલા રાફા જેવા વ્યૂહાત્મક કેન્દ્રથી થશે.

આ સુરક્ષા દળ માટે ઈન્ડોનેશિયા, મોરોક્કો, કઝાકિસ્તાન, કોસોવો અને અલ્બેનિયા જેવા દેશોએ પોતાના સૈનિકો મોકલવાનું વચન આપ્યું છે. આ ઉપરાંત, આ સૈન્ય અને પોલીસ દળોને વ્યાવસાયિક તાલીમ આપવાની મહત્ત્વપૂર્ણ જવાબદારી ઈજિપ્ત અને જોર્ડન દ્વારા નિભાવવામાં આવશે, જેથી વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવી શકાય.ડોનાલ્ડ ટ્રમ્પે આ પહેલને પ્રોત્સાહન આપતા કહ્યું કે, ખર્ચવામાં આવેલો દરેક ડોલર આ પ્રદેશમાં સ્થિરતા અને નવી આશાનું રોકાણ છે.

આ 'બોર્ડ ઓફ પીસ'માં આર્જેન્ટિના, આર્મેનિયા, પાકિસ્તાન અને હંગેરી સહિત કુલ ૨૭ દેશોનો સમાવેશ થાય છે. ટ્રમ્પનો ઉદ્દેશ્ય ગાઝાને યુદ્ધની અસરોમાંથી બહાર લાવી ત્યાં સ્થાયી શાંતિ અને સમૃદ્ધિ સ્થાપિત કરવાનો છે.

હરિયાણા સરકાર હાઉસિંગ સોસાયટીના નિર્ણય પર સ્ટે આપ્યો

# લોકશાહી વ્યવસ્થા માટે સગાવાદ અને આત્મશ્લાઘા અભિશાપઃ સુપ્રીમ કોર્ટ

### પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે સોસાયટી દ્વારા થયેલી ફાળવણી પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરવા મનાઈ ફરમાવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં વધી રહેલા લાગવગ અને સગાવાદના પ્રભાવની સુપ્રીમ કોર્ટે ટીકા કરી છે. નીપોટિઝમ અને આત્મશ્લાઘાને લોકશાહી વ્યવસ્થા માટે અભિશાપ સમાન ગણાવી સુપ્રીમ કોર્ટે હરિયાણા સરકારના હાઉસિંગ સોસાયટીના નિર્ણય પર સ્ટે આપ્યો છે, જેમાં સોસાયટીની ગવર્નિંગ બોડીના એક સભ્ય અને તેમના કર્મચારીને બે ફ્લેટ ફાળવી દેવાયા હતા.



પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે સોસાયટી દ્વારા થયેલી ફાળવણી પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરવા મનાઈ ફરમાવી હતી. જસ્ટિસ સંજય કુમાર અને જસ્ટિસ કે વિનોદ ચંદ્રનની બેન્ચે હાઈકોર્ટના આ હુકમને રદ ઠેરવતા નોંધ્યુ હતું કે, ગવર્નિંગ બોડીના સભ્ય અને તેમના તાબાના કર્મચારીને થયેલી ફાળવણી પક્ષપાતી હોવાની સાથે સોસાયટીના નિયમો મુજબ લાયકાતના ધોરણોનો ભંગ કરતી હતી. નીપોટિઝમ અને સ્વકેન્દ્રી ઉન્નતિનો અભિગમ લોકશાહી વ્યવસ્થા માટે અભિશાપ છે. હરિયાણા અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (HUDA)ના સભ્ય અને અર્બન એસ્ટેટ એન્ડ ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ એમ્પ્લોયી વેલફેર ઓર્ગેનાઈઝેશન (HEWO)ના સભ્ય દિનેશ કુમારે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી.

HEWO પર પક્ષપાતના આરોપ ઉપરાંત લાયકાત ન હોવા છતાં બે વ્યક્તિને ખોટી રીતે સુપર ડીલક્સ ફ્લેટ ફાળવી દેવાયા હવાનો દાવો કરાયો હતો.સુપ્રીમ કોર્ટે ઠરાવ્યુ હતું કે, ફ્લેટની ફાળવણી માટે થયેલી જાહેરખબર અન્વ્યે અરજદારે અરજી કરી હતી અને નોકરીનો સમયગાળો તથા બેઝિક પે સહિતની તમામ દૃષ્ટિએ તેઓ લાયક હતા. ગવર્નિંગ બોડીના સભ્ય HUDAમાં છ મહિનાની સેવાના લઘુતમ સમયગાળાના માપદંડમાં યોગ્ય ન હોવા છતાં તેમને પ્રાથમિકતા આપીને ફ્લેટ ફાળવવામાં આવ્યો હતો.

HUDAનો આ નિર્ણય સ્પષ્ટપણે પક્ષપાત અને સ્વ કેન્દ્રી ઉન્નતિનો અભિગમ દર્શાવે છે. સક્ષમ સત્તામંડળ દ્વારા અધિકારના દુરુપયોગ થયો હોવાનું ઠરાવી સુપ્રીમ કોર્ટે HUDAને રૂ. એક લાખનો દંડ ફટકાર્યો હતો તથા બે પ્રતિવાદીને પણ દંડ કર્યો હતો.

# ફૂટબોલ રમતાં શિલોંગના સાંસદને હાર્ટ એટેક આવતા કરુણ મોત

### સાંસદના નિધનના સમાચાર મળતા જ રાજ્યના ડેપ્યુટી સીએમ પ્રેસ્ટોન તિનસોંગ અને અન્ય ઉચ્ચ નેતાઓ હોસ્પિટલ પહોંચ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)મેઘાલય

મેઘાલયના રાજકારણ માટે આજે અમંગળ સમાચાર સામે આવ્યા છે.

શિલોંગના લોકપ્રિય સાંસદ રિકી એ. જે. સિંગકોનનું ફૂટબોલ રમતી વખતે હૃદયરોગના હુમલાને કારણે નિધન થયું છે. મેદાન પર અચાનક ઢળી પડેલા સાંસદના અવસાનથી સમગ્ર રાજ્ય સ્તબ્ધ છે.શિલોંગના સાંસદ અને 'વોઈસ ઓફ ધ પીપલ પાર્ટી'ના દિગ્ગજ નેતા રિકી એ. જે. સિંગકોન ગુરુવારે સાંજે માવલાઈ માવિયોંગ ખાતે મિત્રો સાથે ફૂટબોલની મજા માણી રહ્યા હતા. રમત દરમિયાન જ તેમને છાતીમાં દુખાવો ઉપડ્યો અને તેઓ અચાનક બેભાન થઈને મેદાન પર જ ઢળી પડ્યા હતા. આ આકસ્મિક ઘટનાને પગલે રમતનું મેદાન ચીસોથી ગુંજી ઉઠ્યું હતું.

સ્થાનિક અહેવાલો અનુસાર, સાંસદને તુરંત જ માવિયોંગ કમ્યુનિટી હેલ્થ સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ કમનસીબે ત્યાં કોઈ ડોક્ટર હાજર ન હોવાથી તેમને તાત્કાલિક અન્ય હોસ્પિટલમાં રીફર કરવા પડ્યા હતા. તેમને ડૉ. એચ. ગોર્ડન રોબર્ટ્સ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં તબીબોના તમામ પ્રયાસો છતાં તેમનો જીવ બચાવી શકાયો નહોતો.સાંસદના નિધનના સમાચાર મળતા જ રાજ્યના ડેપ્યુટી સીએમ પ્રેસ્ટોન તિનસોંગ અને અન્ય ઉચ્ચ નેતાઓ હોસ્પિટલ પહોંચ્યા હતા. મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ સંગમાએ સોશિયલ મીડિયા પર ઊંડો શોક વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "ડૉ. રિકી એક અત્યંત વિનમ્ર અને જનતાની સેવા માટે સમર્પિત નેતા હતા. તેમનું અકાળે જવું એ રાજ્ય માટે મોટી ખોટ છે."

# રશિયાના બદલે વેનેઝુએલાથી ઓઈલ ખરીદશે ભારત? : અમેરિકાના રાજદૂતનું ફરી મોટું નિવેદન

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન

અમેરિકાના નેતૃત્વ હેઠળના વ્યૂહાત્મક ગઠબંધન પેક્સ સિલિકા(Pax Silica)માં ભારત ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સત્તાવાર રીતે જોડાઈ ગયું છે. આ ઐતિહાસિક ક્ષણે ભારતમાં અમેરિકન રાજદૂત સર્જિયો ગોરે જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચે ટૂંક સમયમાં એક મોટી ટ્રેડ ડીલ પર હસ્તાક્ષર થશે. તેમણે ભારત-અમેરિકાના સંબંધોને નવા સ્તરે લઈ જવાની વાત કરતા કહ્યું કે, આ સમજૂતી માત્ર ટૅરિફ કે વેપાર પૂરતી મર્યાદિત નથી, પરંતુ બે લોકશાહી દેશો વચ્ચે વિકાસ માટેની મજબૂત પ્રતિબદ્ધતા છે. આ દરમિયાન અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો પણ ભારતની મુલાકાતે આવશે.

તેલની ખરીદી મુદ્દે સર્જિયો ગોરે દાવો કર્યો હતો કે, ભારત હવે તેલની ખરીદીમાં વિવિધતા લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે અને રશિયા પરની નિર્ભરતા ઘટાડવા માટે વેનેઝુએલા સાથે વાતચીત કરી રહ્યું છે. અમેરિકા ઈચ્છે છે કે રશિયા-યુક્રેન યુદ્ધનો અંત આવે, તેથી તે રશિયા પાસેથી ઓઈલની ખરીદી અટકે તેવો આગ્રહ રાખે છે. સર્જિયોના મતે, ભારત હવે તેલના અન્ય વિકલ્પો શોધી રહ્યું છે અને આ મુદ્દે બંને દેશો વચ્ચે સમજૂતી પણ થઈ ચૂકી છે. તાજેતરમાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે ભારત રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવા સંમત થયું છે. જોકે, ભારત તરફથી આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

બીજી તરફ, રશિયાએ પણ સ્પષ્ટ કર્યું છે કે દિલ્હી તરફથી તેમને આવી કોઈ જાણકારી મળી નથી. ભારતનું વલણ હંમેશા સ્પષ્ટ રહ્યું છે કે તે પોતાના નાગરિકોના હિતમાં સસ્તું તેલ ખરીદવાનું ચાલુ રાખશે, જોકે તે વેનેઝુએલાથી તેલની આયાત વધારવા અંગે વિચારણા કરી રહ્યું છે.

# હવે ટોલ પ્લાઝા ઉપર રોકડ વ્યવહારને બંધ કરવાની તૈયારી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશના નેશનલ હાઈવે અને એક્સપ્રેસવે પર મુસાફરી કરનારાઓ માટે મહત્ત્વના સમાચાર છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) હવે ટોલ પ્લાઝા પર રોકડ વ્યવહારને સંપૂર્ણપણે બંધ કરવાની તૈયારી કરી રહ્યું છે.

હવે મુસાફરોએ ટોલ ટેક્સ ભરવા માટે માત્ર FASTag અથવા UPI જેવા ડિજિટલ વિકલ્પોનો જ ઉપયોગ કરવો પડશે. ૧ એપ્રિલ ૨૦૨૬થી આ નવો નિયમ લાગુ થઈ શકે છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં FASTag નો ઉપયોગ ૯૮ ટકાથી વધુ વધી ગયો છે, જેના કારણે ટોલ કલેક્શન સિસ્ટમમાં મોટો ફેરફાર આવ્યો છે. હાલમાં મોટાભાગના વ્યવહારો RFID આધારિત FASTag દ્વારા થઈ રહ્યા છે, જે વાહનોને રોકાયા વગર ટોલ પસાર કરવામાં મદદ કરે છે. હવે તેની સાથે UPI પેમેન્ટની સુવિધા પણ જોડવામાં આવી છે જેથી મુસાફરો સરળતાથી ડિજિટલ પેમેન્ટ કરી શકે.

શા માટે લેવાયો આ નિર્ણય?

ટોલ પ્લાઝા પર કરવામાં આવેલા આકલન મુજબ, રોકડ વ્યવહારને કારણે નીચે મુજબની સમસ્યાઓ સર્જાય છેઃ

ટ્રાફિક જામઃ રોકડ આપવા અને પરચુરણ લેવામાં સમય બગડે છે, જેનાથી પીક અવર્સમાં લાંબી લાઈનો લાગે છે.

વિવાદોઃ પૈસાની લેવડદેવડ બાબતે કર્મચારીઓ અને મુસાફરો વચ્ચે વારંવાર બોલાચાલી થાય છે.

સમયનો બચાવઃ ડિજિટલ પેમેન્ટથી વાહનો ઝડપથી પસાર થઈ શકે છે, જેનાથી ઈંધણ અને સમય બંનેની બચત થાય છે.

નિયમો મુજબ, જો કોઈ વાહન માન્ય FASTag વગર ટોલ પ્લાઝામાં પ્રવેશે છે અને રોકડમાં ચૂકવણી કરે છે, તો તેની પાસેથી નિર્ધારિત ટોલ કરતા બમણો (૨ ગણો) ચાર્જ વસૂલવામાં આવે છે. જ્યારે UPI દ્વારા ચુકવણી કરવા પર ૧.૨૫ ગણો ચાર્જ લેવામાં આવે છે. આ પગલાંનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને રોકડ વ્યવહારથી દૂર કરી ડિજિટલાઈઝેશન તરફ વાળવાનો છે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને મોટો ઝટકો

# ઈરાન પર હુમલા માટે બ્રિટને એરબેઝ આપવાનો કર્યો ઈનકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાન પર હુમલો કરવાની અમેરિકાની યોજનાને મોટો ફટકો પડ્યો છે. બ્રિટિશ સરકારે આંતરરાષ્ટ્રીય કાયદાનું કારણ આપીને અમેરિકાને પોતાના સૈન્ય મથકોનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો ઈનકાર કરી દીધો છે, જેના કારણે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ લાલઘૂમ થયા છે.બ્રિટિશ સરકારે સ્પષ્ટ કર્યું છે કે તેઓ ઈરાન પરના કોઈપણ હુમલામાં ભાગીદાર બનીને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કરવા માંગતા નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બ્રિટને

**બ્રિટિશ સરકારે સ્પષ્ટ કર્યું છે કે તેઓ ઈરાન પરના કોઈપણ હુમલામાં ભાગીદાર બનીને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કરવા માંગતા નથી**

ખાસ કરીને ગ્લોસ્ટરશાયર સ્થિત 'રોયલ એર ફોર્સ બેઝ ફેરફોર્ડ' અને હિંદ મહાસાગરમાં આવેલા અત્યંત વ્યૂહાત્મક 'ડિયેગો ગાર્સિયા' સૈન્ય મથકનો ઉપયોગ કરવાની પરવાનગી આપવાનો ઈનકાર કર્યો છે.

બ્રિટને સ્પષ્ટ કર્યું છે કે તે માત્ર પોતાની અને સાથી દેશોની સુરક્ષા સુધી જ મર્યાદિત રહેશે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બ્રિટિશ સરકારના આ વલણની આકરી ટીકા કરી છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું કે, જો ઈરાન પરમાણુ કાર્યક્રમ પર સમજૂતી નહીં કરે, તો અમેરિકાને આ સૈન્ય મથકોની જરૂર પડી શકે છે. ટ્રમ્પે બ્રિટિશ વડાપ્રધાનના આ નિર્ણયને 'મોટી ભૂલ' ગણાવીને પોતાનો અસંતોષ વ્યક્ત કર્યો છે.આ વિવાદ પાછળ બ્રિટનની ચાગોસ ટાપુ સમૂહ મોરેશિયસને સોંપવાની યોજના પણ કારણભૂત મનાય છે. બ્રિટન આ ટાપુઓ મોરેશિયસને આપીને ડિયેગો ગાર્સિયા બેઝને ૯૯ વર્ષ માટે લીઝ પર પાછો લેવાની તૈયારી કરી રહ્યું છે, જેના માટે ૩૫ બિલિયન પાઉન્ડની રકમની ચર્ચા છે. ટ્રમ્પ પહેલેથી જ આ સોદાની વિરુદ્ધમાં છે. હાલની સંધિ મુજબ, ડિયેગો ગાર્સિયાથી હુમલો કરવા માટે અમેરિકાએ માત્ર બ્રિટનને જાણ કરવાની હોય છે, પરંતુ બેઝ માટે લેખિત પરવાનગી અનિવાર્ય છે, જે બ્રિટને અત્યારે નકારી દીધી છે.




# તંત્રી લેખ......

## મફતની સંસ્કૃતિ એક બોજ બની ગઈ છે

આ પહેલીવાર નથી જ્યારે સુપ્રીમ કોર્ટે મફત યોજનાઓ તરીકે ઓળખાતી લોકપ્રિય યોજનાઓ પર વાંધો અને ચિંતા વ્યક્ત કરી હોય. તેણે વારંવાર કહ્યું છે કે મફતની સંસ્કૃતિ આર્થિક વિકાસને અવરોધે છે. ગઈકાલે, તેણે સરકારોના મફત અને સામાન પૂરા પાડવાના વલણ પર પ્રશ્ન ઉઠાવ્યો હતો, પૂછ્યું હતું કે, "જો તેઓ મફત અનાજ, વીજળી, સાયકલ વગેરે આપવાનું ચાલુ રાખે છે, તો વિકાસ માટે ભંડોળ ક્યાંથી આવશે?"

તેમણે એ પણ ભાર મૂક્યો કે સરકારોએ મફત સુવિધાઓ અને સામગ્રીને બદલે રોજગાર આપવો જોઈએ, પરંતુ આ વાત પર ધ્યાન આપવામાં આવશે કે કેમ તે શંકાસ્પદ છે, કારણ કે રાજકીય પક્ષો એવું માનવા લાગ્યા છે કે લોકપ્રિય યોજનાઓ ચૂંટણી જીતની ગેરંટી બની ગઈ છે. પરિણામે, ચૂંટણી નજીક આવતાની સાથે જ, સત્તા શોધતા શાસક પક્ષ અને વિપક્ષી પક્ષો મફત યોજનાઓ શરૂ કરી દે છે.

હવે તેઓએ સીધી નાણાકીય સહાયની જાહેરાત પણ શરૂ કરી દીધી છે. મોટાભાગના રાજ્યો ખાધમાં હોવા છતાં આ વાત છે. વિડંબના એ છે કે તેઓ મફતની સંસ્કૃતિને પ્રોત્સાહન આપતી વખતે માળખાગત વિકાસ માટે ભંડોળના અભાવનો શોક વ્યક્ત કરે છે. સ્પષ્ટપણે, તેઓ પોતાની આર્થિક પરિસ્થિતિને અવગણે છે.પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવતાની સાથે જ સંબંધિત રાજ્ય સરકારોએ મફત યોજનાઓની જાહેરાત કરવાનું શરૂ કરી દીધું છે તે આશ્ચર્યજનક નથી. તમિલનાડુ સરકારે દરેકને મફત વીજળી ઓફર કરી છે. સુપ્રીમ કોર્ટ આ વિરુદ્ધ એક અરજી પર સુનાવણી કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે આ અરજી તમિલનાડુ પાવર ડિસ્ટ્રિબ્યુશન કોર્પોરેશન લિમિટેડ દ્વારા દાખલ કરવામાં આવી હતી. આવી જ અરજીઓ પહેલા પણ સાંભળવામાં આવી છે, પરંતુ હજુ સુધી કોઈ નક્કર નિર્ણય લેવામાં આવ્યો નથી. નિ:શંકપણે, કલ્યાણકારી રાજ્યની જવાબદારી છે કે તે ગરીબો અને વંચિતોને મફત અથવા સબસિડીવાળી સેવાઓ પૂરી પાડીને તેમના સામાજિક-આર્થિક ઉત્થાન માટે વિશેષ પગલાં લે.

આ સેવાઓ લોકોને સશક્ત બનાવવા અને તેમની આવક વધારવા માટે પ્રેરિત કરવા માટે ડિઝાઈન કરવી જોઈએ. તાજેતરના સમયમાં, ફક્ત મત મેળવવાના હેતુથી આવી સેવાઓ પૂરી પાડવા માટે પહેલ કરવામાં આવી છે. આ મુક્ત અને ન્યાયી ચૂંટણીઓની મજાક છે અને સંસાધનોનો દુરુપયોગ છે.

જ્યારે સક્ષમ લોકોને પણ મફત લાભો આપવામાં આવે છે, ત્યારે તેઓ કામ કરવામાં અસમર્થ બની જાય છે અને સરકાર પર બોજ બની જાય છે. સુપ્રીમ કોર્ટ એવી સિસ્ટમ સ્થાપિત કરે કે જેમાં ગરીબો અને અપંગોને મફત સેવાઓનો ઉપયોગ ચૂંટણી જીતવા માટે મનસ્વી રીતે કરવાને બદલે રાજ્યના નાણાકીય સંસાધનો પર આધારિત હોય.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોના-ચાંદીના વાયદામાં તેજીની આગેકૂચઃ સોનાનો વાયદો રૂ.૧૪૫૮ અને ચાંદીનો વાયદો રૂ.૭૯૦૯ ઊછળ્યો

### ક્રૂડ તેલનો વાયદો રૂ.૬ ઢીલોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૩૫૬૪.૨૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૪૯૫૬૮.૭૯ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૭૬૧૯.૧૩ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૮૬૩૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૭૩૧૩૪.૧૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૩૫૬૪.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૪૯૫૬૮.૭૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૮૬૩૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૨૮૯.૫૫ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૭૬૧૯.૧૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૫૧૦૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૬૬૦૭ અને નીચામાં રૂ.૧૫૪૮૯૦ના મથાળે અથડાઈ, રૂ.૧૫૪૮૧૯ના આગલા બંધ સામે રૂ.૧૪૫૮ના ઉછાળા સાથે રૂ.૧૫૬૨૭૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૫૭૩ વધી રૂ.૧૨૬૬૯૭ થયો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૮૮ વધી રૂ.૧૫૯૧૮ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૩૫ વધી રૂ.૧૫૪૨૪૩ થયો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૫૫૫૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૬૦૦૦ અને નીચામાં રૂ.૧૫૪૮૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૫૪૭૭૪ના આગલા બંધ સામે રૂ.૮૨૧ વધી રૂ.૧૫૫૫૯૫ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૪૩૮૭૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૫૨૦૬૭ અને નીચામાં રૂ.૨૪૧૨૪૫ના મથાળે અથડાઈ, રૂ.૨૪૧૩૯૩ના આગલા બંધ સામે રૂ.૭૯૦૯ની તેજી સાથે રૂ.૨૪૯૩૦૨ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૭૭૩૪ વધી રૂ.૨૫૨૫૨૯ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૭૬૯૯ વધી રૂ.૨૫૨૪૧૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૩૮૨૩.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.૮.૫ વધી રૂ.૧૧૬૮.૭૫ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી વાયદો ૭૫ પૈસા વધી રૂ.૩૨૪.૭૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૨ વધી રૂ.૩૦૭.૪ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો ૧૦ પૈસા વધી રૂ.૧૮૮.૦૫ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૦૧૦.૧૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૪૯૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૪૯૦ અને નીચામાં રૂ.૩૪૪૯ના મથાળે અથડાઈ, રૂ.૧૫ ઘટી રૂ.૩૪૭૭ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.૬૦૭૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૬૧૧૬ અને નીચામાં રૂ.૬૦૦૮ના મથાળે અથડાઈ, રૂ.૬૦૫૮ના આગલા બંધ સામે રૂ.૬ ઘટી રૂ.૬૦૫૨ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૭ ઘટી રૂ.૬૦૫૩ થયો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૬.૯ ઘટી રૂ.૨૬૯.૩ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૬.૮ ઘટી રૂ.૨૬૯.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૫૫ના ભાવે ખૂલી, ૪૦ પૈસા વધી રૂ.૯૫૬ના સ્તરે પહોંચ્યો હતો. કોટન ફેબ્રુઆરી વાયદો રૂ.૯૦૦ ઘટી રૂ.૨૪૫૧૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૫૬૩ના ભાવે ખૂલી, રૂ.૭ ઘટી રૂ.૨૫૬૫ થયો હતો.




કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૫૩૪.૧૫ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૯૦૮૪.૯૯ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૩૩૦૩.૦૬ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૪૭.૨૦ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૬.૭૦ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૫૩.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૦.૦૪ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૯૩૨.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૦૬૭.૨૫ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૪.૯૬ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૬૮ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૫૪ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૮૫૮૧ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૫૮૧૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૩૩૦૮ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૩૧૨૨૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૨૮૫૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૯૪૯૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૮૦૪૫ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૪૮૦૮ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૪૩૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૬૯૭૧ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૬૬૭૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૮૬૯૯ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૮૬૯૯ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૮૫૫૪ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૬૬ પોઈન્ટ વધી ૩૮૬૩૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૬૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ ૬૦ પૈસા ઘટી રૂ.૩૪૧.૯ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૮ ઘટી રૂ.૪ના ભાવે બોલાયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૦ વધી રૂ.૩૨૩ થયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૨૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૪૦.૫ વધી રૂ.૧૦૪૫.૫ના ભાવે બોલાયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૧૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૭૨ પૈસા વધી રૂ.૬.૪૭ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૫૭.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૨૧ ઘટી રૂ.૦.૧૭ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૫.૩ વધી રૂ.૩૩૮.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૫ વધી રૂ.૪.૯૫ થયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦૯ ઘટી રૂ.૨૩૫૦ થયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૬૭ ઘટી રૂ.૩૩૫.૫ થયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૧૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૯૮ ઘટી રૂ.૪ થયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૪ પૈસા ઘટી રૂ.૦.૦૧ના ભાવે બોલાયો હતો.

ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ - ૨૦૨૬ને પગલે ગુજરાત સરકારની પહેલ

# ધોલેરા SIRમાં ૨૫૦ મેગાવટ ગ્રીન AI રેડી ડેટા સેન્ટર કેમ્પસ માટે નવી દિલ્હીમાં એમ.ઓ.યુ.થયા

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી નવી દિલ્હીમાં યોજાઈ રહેલી ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬ અંતર્ગત ગુજરાતે છેં ક્ષેત્રે એક મહત્વપૂર્ણ એમ.ઓ.યુ. કર્યા છે.




આ સમિટમાં ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એક્ટિવિટી અન્વયે ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ અને લાર્સન એન્ડ ટૂબ્રો વ્યોમાં વચ્ચે આ એમ.ઓ.યુ. ધોલેરા SIR ખાતે ૨૫૦ મેગા વોટના હાઈ પર સ્કેલ, ગ્રીન AI રેડી ડેટા સેન્ટરની સ્થાપના માટે કરવામાં આવ્યા છે.

વન, પર્યાવરણ અને સાયન્સ - ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની વિશેષ ઉપસ્થિતિમાં થયેલા એમ.ઓ.યુ. દ્વારા L & T વ્યોમાં રૂ. ૨૫ હજાર કરોડનું રોકાણ આ પ્રોજેક્ટમાં કરશે તેમજ સંભવત: ૨૦૨૮ સુધીમાં પ્રોજેક્ટ કાર્યરત થઈ જશે.

આ એમ.ઓ.યુ. ગુજરાતને AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ક્લાઉડ કમ્પ્યુટિંગ, એડવાન્સ્ડ એનાલિટિક્સ અને સસ્ટેનેબલ ડિજિટલ ઈકોસિસ્ટમ માટે અગ્રણી હબ તરીકે સ્થાપિત કરવાના સહિયારા વિઝન તથા ગુજરાત IT/ITeS નીતિ (૨૦૨૨-૨૭) સાથે સુસંગત છે.

ધોલેરા SIRનો આ પ્રસ્તાવિત કેમ્પસ ઉચ્ચ અસરોવાળા રોકાણોને પ્રોત્સાહિત કરશે, નવીનતા આધારિત વિકાસને મજબૂત બનાવશે તેમજ કન્સ્ટ્રક્શન, કમિશનિંગ અને લાંબા ગાળાના ઓપરેશન્સમાં રોજગારીની નોંધપાત્ર તકોનું સર્જન કરશે. પ્રોજેક્ટ તે સંલગ્ન ઈકોસિસ્ટમના વિકાસથી પરોક્ષ રોજગારીનું સર્જન પણ થશે, તે ભવિષ્યના ડિજિટલ ટ્રાન્સફોર્મેશનના ચાલકબળ તરીકે ગુજરાતની ભૂમિકાને વધુ સુદ્રઢ બનાવશે.

આ એમઓયુ મુજબ, L&T વ્યોમા જમીનની યોગ્યતા, માળખાગત સુવિધાઓની સજ્જતા, ઉપલબ્ધતા ક્ષેત્રો (અવેલેબિલિટી ઝોન્સ) અને ટકાઉપણાના પરિમાણોને આવરી લઈને સંભાવનાઓનું વિગતવાર મૂલ્યાંકન કરશે, ગુજરાત સરકાર પોતાના સંબંધિત વિભાગો મારફતે એક સક્ષમ માળખા સાથે પ્રોજેક્ટને સરળ બનાવશે.

આ સીમાચિહ્નરૂપ એમઓયુ હાઈપરસ્કેલ AI ડેટા સેન્ટરની સજ્જતાને સક્ષમ કરીને ભવિષ્યના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ગુજરાતના નેતૃત્વને વેગ આપશે. તેમજ ગ્લોબલ ક્લાઉડ અને AI કંપનીઓને આકર્ષિત કરવાની રાજ્યની ક્ષમતામાં વધારો કરશે, AI ટ્રેનિંગ અને એડવાન્સ્ડ એનાલિટિક્સ જેવા ઉભરતા કાર્યબોજને સહયોગ તેમજ નવીનીકરણ, ઉચ્ચ મૂલ્યની નોકરીઓ અને ટકાઉ આર્થિક વિકાસ માટે એક સ્થિતિસ્થાપક પણ ઈકોસિસ્ટમનું નિર્માણ કરશે.

ઈન્ડિયા AI સમિટમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે ભારતના "MANAV" વિઝનની રૂપરેખા આપી છે. M- મોરલ એન્ડ એથિકલ સિસ્ટમ (નૈતિક અને નીતિગત પ્રણાલી); A- અકાઉન્ટેબલ ગવર્નન્સ (જવાબદાર શાસન); N- નેશનલ સોવરેનિટી વિથ એમ્ફસીસ ઓન ધ રાઈટ ટુ ડેટા (ડેટાના અધિકાર પર ભાર મૂકતું રાષ્ટ્રીય સાર્વભૌમત્વ); A- એક્સેસીબલ એન્ડ ઈક્લુઝિવ ટેક્નોલોજી (સુલભ અને સમાવિષ્ટ ટેકનોલોજી); અને V- વેલિડ એન્ડ લેજિટિમેટ સિસ્ટમ (માન્ય અને કાયદેસર પ્રણાલીઓ). વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ AIને વાયરલેસ કોમ્યુનિકેશનનું એક ઐતિહાસિક પરિવર્તન તરીકે ગણાવ્યું છે. સાચી ક્ષમતા ફક્ત મશીનોને બુદ્ધિશાળી બનાવવાને બદલે માનવ ક્ષમતાઓના વિસ્તરણમાં રહેલી છે તેવો મત તેમણે દર્શાવ્યો છે.

વડાપ્રધાનશ્રીના આ વિઝનને અનુસરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતની AI પ્રત્યેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવીને રાજ્યના આ વર્ષના બજેટમાં AI અને ડિજિટલ ગવર્નન્સ પહેલ માટે રૂ. ૮૫૦ કરોડથી વધુની ફાળવણી કરવામાં આવી છે.

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ અને L&T વ્યોમા વચ્ચેના આ એમ.ઓ.યુ. ગુજરાતમાં વિશ્વ કક્ષાના AI-રેડી ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. એટલું જ નહિં, ભારતની AI ક્રાંતિમાં મોખરે રહેવા તેમજ નવીનતા, ટકાઉપણું અને સમાવિષ્ટ વિકાસને આગળ ધપાવવામાં ગુજરાતને વધુ સજ્જ બનાવતું કદમ છે.

-જનક દેસાઈ

## કામરેજના વાવ ગામે પોલીસ ભરતીની કસોટી દરમિયાન એક યુવાનનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના કામરેજ તાલુકાના વાવ ગામે આવેલા SRPF ગ્રુપ-૧૧ ના મેદાનમાં પોલીસ ભરતીની શારીરિક કસોટી પ્રક્રિયા ચાલી રહી હતી. આ કસોટીમાં ભાગ લેવા આવેલા વલસાડના મોગરવાડી વિસ્તારના ૨૭ વર્ષીય યુવાન રવિન્દ્ર પ્રવીણભાઈ બારીયાનું સારવાર દરમિયાન અવસાન થયું છે. શારીરિક કસોટીના ભાગરૂપે મેદાનમાં દોડતી વખતે રવિન્દ્રને અચાનક ચક્કર આવ્યા હતા અને તે ઢળી પડ્યો હતો. સ્થળ પર હાજર તબીબી ટીમે પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

જોકે, હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસમાં ભરતી થઈ દેશની સેવા કરવાનું સ્વપ્ન લઈને આવેલો યુવાન અંતે જિંદગીની જંગ હારી ગયો હતો.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com


### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શુક્રવાર, ૨૦/૦૨/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૨૨૩ | ૪૭૬.૦૦ | ૫૩૫.૦૦ |
| ૨ | મગફળી | ૪૦ | ૧,૧૦૦.૦૦ | ૧,૪૫૧.૦૦ |
| ૩ | એરંડા | ૬૮ | ૧,૨૭૦.૦૦ | ૧,૨૭૫.૦૦ |
| ૪ | રાયડો | ૪૦ | ૧,૦૫૦.૦૦ | ૧,૧૪૧.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૩૬૦.૦૦ | ૪૦૦.૦૦ |
| ૬ | મકાઇ | ૦ | ૨૫૦.૦૦ | ૩૨૦.૦૦ |
| ૭ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૮ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૯ | કપાસ | ૨૧૩ | ૧,૩૬૦.૦૦ | ૧,૫૭૦.૦૦ |
| ૧૦ | સોયાબીન | ૨૧ | ૯૦૦.૦૦ | ૧,૦૦૫.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

ઝડપાયું ૩ કરોડનું સાયબર ફ્રોડ રેકેટ

## તમારું બેન્ક એકાઉન્ટ ભાડે આપતા પહેલાં સો વાર વિચારજો

(સંપૂર્ણ સમાચાર સેવા)વલસાડ

આપનું બેન્ક એકાઉન્ટ જાણે અજાણે કોઈ અન્યને વાપરવા આપતા હોય તો ચેતી જજો.. ક્યાંક આપની આ ભૂલ આપને ભારે પડી શકે છે. વલસાડ જિલ્લા પોલીસે ઓપરેશન મ્યુલ હન્ટ અંતર્ગત વલસાડ જિલ્લાના બેક એકાઉન્ટની તપાસ કરી સાઈબર ફ્રોડ આચરતી ટોળકીનાનું એક મસ મોટું રેકેટ ઝડપી પાડ્યું છે. વલસાડ જિલ્લા પોલીસે સમગ્ર જિલ્લાના શંકાસ્પદ બેક એકાઉન્ટની તપાસ કરી સાઈબર ટોળકીના ૨ આરોપીઓની ધરપકડ કરી કુલ ૩ કરોડથી વધુનું મસ મોટું સાયબર ફ્રોડ રેકેટ ઝડપી પાડ્યું છે. પોલીસની આગામી તપાસમાં અનેક ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતાઓ જોવાઈ રહી છે.

આજના ડિજિટલ યુગમાં મોટેભાગે હવે લોકો ઓનલાઈન મની ટ્રાન્સફર અને ઓનલાઈન બેંકિંગ વ્યવહાર કરે છે .આમ વધતા જતા સોશિયલ મીડિયા અને મોબાઈલ ના ઉપયોગને કારણે હવે ગુનાહિત પ્રવૃત્તિઓ કરતા ઠગો પણ આધુનિક બની રહ્યા છે અને હવે ઓનલાઈન જ સાયબર ફ્રોડ આચરી લોકોની સાથે હજારો લાખો કરોડોની સાઈબર ઠગાઈ આચરતા હોવાના કિસ્સાઓ વધી રહ્યા છે. વલસાડ સાઈબર કરાઈમ પોલીસ દ્વારા જિલ્લામાં સાયબર ફ્રોડના રેકેટના મૂળ સુધી પહોંચવા પ્રયાસ કર્યો અને આખરે વલસાડ જિલ્લા પોલીસને સફળતા મળી હતી અને થોડા સમય અગાઉ જ અયુબ કાદિર શેખ નામના એક આરોપીની ધરપકડ કરી તેની પૂછપરછમાં જિલ્લામાં ચાલતા મસ મોટા સાયબર ક્રાઈમ ના રેકેટનો ભેદ ઉકેલવામાં સફળતા મળી હતી. અને જિલ્લામાં લોકોને વિશ્વાસમા લઈ મોટું કમિશન ની લાલચ આપી લોકોના બેક એકાઉન્ટ ભાડે લઈ અને તેમાં લાખો કરોડો રૂપિયા ના ગેરકાયદેસર નાણાકીય વ્યવહારો કરી અને મસ મોટું કૌભાંડ આચરવામાં આવતું હોવાનું બહાર આવ્યું છે. પોલીસે કાદિરની ધરપકડ બાદ વધુ ૨ આરોપીઓની ધરપકડ કરી છે.

વલસાડ સાઈબર પોલીસની તપાસમાં બહાર આવ્યુ છે કે આરોપી મીતેશ અલગ અલગ લોકો પાસેથી કમિશન ની લાલચ આપી બેંકના એકાઉન્ટો મેળવી અને સુરત રહેતા તુષાર બાબુભાઈ ઘંટાળા નામના વ્યક્તિને ભાડે આપી અને ત્યાંથી મોટું કમિશન મેળવતો હતો .ત્યારબાદ તુષાર બાબુ ઘંટાળા ની પણ અટકાયત કરવામાં આવી હતી અને આ તપાસમાં બહાર આવ્યું કે તુષાર મિતેશ પાસેથી એકાઉન્ટ મેળવી અને દુબઈ રહેતા મુખ્ય સૂત્રધાર મિલન દરજી નામના માણસને આપતો હતો અને આ મિલન દરજી સાયબર ફ્રોડ ના રૂપિયા સગેવગે કરવા માટે આવા એકાઉન્ટોને નો ઉપયોગ કરતો હતો. આથી પોલીસે હવે આ કૌભાંડમાં મિલન ઉર્ફે મિલો ઉર્ફે કાનો શીવાય ઉર્ફે જોની ઉર્ફે લાલો સુરેશ વાઘેલા નામના આરોપીને વોન્ટેડ જાહેર કરી તેને ઝડપવા પ્રયાસો હાથ ધર્યા છે.. આરોપીઓ આ સાઈબરફ્રોડ મ્યુલ એકાઉન્ટ થી ચલાવી રહ્યા હતા. પોલીસની અત્યાર સુધીની તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીઓએ અત્યાર સુધી ૩.૮ કરોડ થી વધુ રૂપિયાનું સાઈબર કૌભાંડ્યું આચર્યુ હોવાનું ખુલાસો થઈ રહ્યો છે. પોલીસ પાસેથી જ સાંભળો શું છે આ મ્યુલ એકાઉન્ટ.


નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### જૂનાગઢમાં ૩૦-૩૫ હજાર ખેડૂતોને બે મહિનાથી પેમેન્ટ નહીં,વિધાનસભામાં ખુલાસો: ગોપાલ ઈટાલિયા

# વિધાનસભામાં ખેડૂતો અને માછીમારોના પ્રશ્નો ઉઠાવતા AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા

## પેઢીઓથી ખેડૂત માલિકીની જમીન પર વન વિભાગની નોંધ, અનામત જંગલની ખોટી નોંધ દૂર કરવાની માંગ: ગોપાલ ઈટાલિયા

અમદાવાદ/જૂનાગઢ/ગાંધીનગર/ આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે તેમણે આજે વિધાનસભામાં પોતાના મતવિસ્તાર તેમજ સમગ્ર ગુજરાતના ખેડૂતોને લગતા અગત્યના પ્રશ્નો ઉઠાવ્યા હતા. જેમાં ટેકાના ભાવે ખરીદી અંગે પ્રશ્ન પૂછતા તેમણે સરકારને પૂછ્યું કે મગફળી, સોયાબીન અને ચણાને ટેકાના ભાવે વેચવા માટે કેટલા ખેડૂતોએ નોંધણી કરાવી, તેમાંથી કેટલાએ વાસ્તવમાં પાક વેચ્યો અને કેટલાના ચૂકવણાં બાકી છે. સરકાર તરફથી મળેલા જવાબ મુજબ અનેક ખેડૂતોના ચુકવણાં હજુ બાકી છે. ઈટાલિયાએ આક્ષેપ કર્યો કે માત્ર જૂનાગઢ જિલ્લામાં જ અંદાજે ૩૦થી ૩૫ હજાર ખેડૂતોને છેલ્લા બે મહિનાથી ચૂકવણાં મળ્યાં નથી. તેમણે જણાવ્યું કે સરકાર ૧૦૦ ટકા પાક ખરીદતી નથી. ખેડૂતના ખેતરમાં ૧૦૦૦ મણ ઉત્પાદન થાય તો માત્ર ૧૦થી ૨૦ ટકા જ ખરીદે છે, અને તે પૈસાં પણ સમયસર ચૂકવાતા નથી. જો સરકાર પાસે ચૂકવણી કરવાની ક્ષમતા ન હોય, તો ટેકાના ભાવે ખરીદીની જાહેરાતો કરીને ખેડૂતોને ગેરમાર્ગે દોરવી ન જોઈએ. તેમણે બાકી રહેલા તમામ ખેડૂતોને તાત્કાલિક ચૂકવણી કરવાની માંગ કરી હતી.

વિસાવદર વિસ્તારમાં વન વિભાગ દ્વારા જંગલ જમીન તરીકે નોંધાયેલા વિસ્તારોનો મુદ્દો અત્યંત ગંભીર છે. આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે અનેક ગામોમાં હજારો એકર જમીનને અનામત જંગલ તરીકે દાખલ કરવામાં આવી છે, જ્યારે વાસ્તવમાં આ જમીન પેઢીઓથી સ્થાનિક ખેડૂતોની માલિકીની છે. તેમણે જણાવ્યું કે આ જમીન પર ખેડૂતોનો કબજો આજે કે ગઈકાલથી નહીં, પરંતુ ૧૯૭૦ પહેલાંથી છે. સાતબારાના દસ્તાવેજોમાં પણ વારસાગત રીતે ખેડૂતોનાં નામ નોંધાયેલા છે. છતાં વન વિભાગ દ્વારા આ જમીનને અનામત જંગલ તરીકે દર્શાવવામાં આવતા ખેડૂતોને અનેક વહીવટી અને કાનૂની તકલીફો ભોગવવી પડી રહી છે. વિધાનસભામાં વનમંત્રી સમક્ષ માંગણી કરી કે ખેડૂતોની માલિકીની જમીન પર અનામત જંગલ તરીકે થયેલી નોંધ દૂર કરવામાં આવે અને ખેડૂતોને તેમના હક્કો કાયદેસર રીતે પરત આપવામાં આવે.તેમણે વધુમાં જણાવ્યું કે કેન્દ્રથી લઈને રાજ્ય, જિલ્લા, તાલુકા, નગરપાલિકા અને ગામપંચાયત સુધી અનેક સ્તરે ભાજપની સરકારો હોવા છતાં ખેડૂતોના મૂળ પ્રશ્નોનો ઉકેલ લાવવામાં નિષ્ફળતા દેખાઈ રહી છે.

પાકિસ્તાનની જેલમાં ગુજરાતના માછીમારો અંગે ગોપાલ ઈટાલિયાએ વિધાનસભામાં પૂછ્યું કે કેટલા ગુજરાતના માછીમારો પાકિસ્તાનની જેલમાં બંધ છે. સરકારના જવાબ મુજબ ૧૨૮ માછીમારો હાલ પાકિસ્તાનમાં કેદ છે. છેલ્લા બે વર્ષમાં ત્રણ માછીમારોના જેલમાં જ મૃત્યુ થયા હોવાનું પણ સરકારે સ્વીકાર્યું છે. તેમણે જણાવ્યું કે રાજ્ય અને કેન્દ્ર સરકારો હોવા છતાં ગુજરાતના માછીમારોને પરત લાવવા પૂરતા પ્રયાસો થવા જોઈએ. જાફરાબાદ, ગીર સોમનાથ, પોરબંદર અને જામનગર જેવા દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા કેદ માછીમારોના પરિવારોની સ્થિતિ અંગે પણ તેમણે ચિંતા વ્યક્ત કરી હતી. ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ સરકારને અપીલ કરી કે પાકિસ્તાનની જેલમાં બંધ તમામ ૧૨૮ માછીમારોને વહેલી તકે પરત લાવવા જરૂરી પગલાં લેવામાં આવે અને જેલમાં મૃત્યુ પામેલા માછીમારોને વિધાનસભામાં શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવે.

## ગુજરાતની ધરતી પરથી વિપક્ષ પર ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતીન નબીનના પ્રહાર : ચુંટણી શરૂ થતા જ પાર્ટ ટાઈમ નેતાઓ પણ આવશે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળ્યા બાદ નિતીન નબીન આજથી ગુજરાતની ૩ દિવસની મુલાકાતે આવ્યા છે. તેઓ તારીખ ૨૦,૨૧ અને ૨૨ ગુજરાતમાં અલગ અલગ કાર્યક્રમોમાં હાજરી આપશે, બીજેપીના રાષ્ટ્રીય નીતીન નબીન સભાસ્થળ પર પહોચ્યા હતા.

ગુજરાતની ધરતી પરથી વિપક્ષ પર રાષ્ટ્રીય અધ્યક્ષ નીતીન નબીને પ્રહાર કર્યા હતા. આપણે વર્ષ ૨૦૨૭ અને ૨૦૨૯ માટે કમરકસી લેવાની છે. ચુંટણી આવતા જ કેટલાક લોકો માથુ ઉચકશે, કેટલાક લોકોને દેશની સુરક્ષા કે આમ આદમી પાર્ટીથી મતલબ નથી, એ માત્ર એમના માટે જ જીવે છે. ચુંટણી શરૂ થતા જ પાર્ટ ટાઈમ નેતાઓ પણ આવશે, આપણે અત્યાર થી જ લોકો સાથે સંબંધ બનાવવાની શરૂઆત કરી દેવાની છે. વધુમાં નબીને કહયુ હતુ કે ગુજરાતની ધરતીને નમન કરૂ છુ, આપણા ગુજરાતના લાલે દુનિયામાં દેશનુ નામ રોશન કર્યુ છે. કાર્યકર્તાઓના બળ પર આજે ગુજરાત વિકસિત ગુજરાત બન્યુ છે. પાર્ટી અને સરકાર મજબુત છે, તેનો શ્રેય બુથ કાર્યકર્તાઓને આપુ છુ, ગુજરાતના લોકો અને કાર્યકર્તાઓના બળ થી જ પીએમ મોદી આજે દેશને મજબુત કરવાના કામમાં લાગ્યા છે. આંદોલનની ભુમિ રહી છે ગુજરાત પણ ગુજરાત વિકાસના આંદોલનની પણ ભુમિ રહી છે. આપણે જનતા સાથે મળીને કાર્યકર્તા રહેવાનુ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કહયુ હતુ કે આજે ગુજરાત બીજેપી માટે આનંદ અને ગૌરવનો અવસર છે. આજે ગુજરાતમાં સૌથી મોટી પાર્ટીના સૌથી નાની વયના પાર્ટી અધ્યક્ષ નીતીન નબીન પધાર્યા છે, નીતીન નબીનજીથી આ યુવાનોને નવી દિશા મળશે, નીતીન નબીનજીનુ ગુજરાતમાં સ્વાગત છે.

### સમાજના દબાણ બાદ સરકાર સુધારા માટે તૈયાર,એસપીજી સહિત વિવિધ સંગઠનોને અભિનંદન : ગોપાલ ઈટાલિયા

# લગ્ન નોંધણી કાયદામાં સુધારા પહેલાં જનતા પાસેથી સૂચન માંગવાનો નિર્ણય સરાહનીય : ગોપાલ ઈટાલિયા

અમદાવાદ/જૂનાગઢ

આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે ગુજરાત સરકાર લગ્ન નોંધણી અધિનિયમમાં સુધારા કરવા જઈ રહી છે અને તે માટે જનતા પાસેથી સૂચનો તથા વાંધાઓ મંગાવ્યા છે. તેમણે કહ્યું કે લગ્ન નોંધણી કાયદાનો દુરુપયોગ કરીને કેટલીક ઘટનાઓમાં દીકરીઓને ખોટી રીતે હેરાન, ડરાવી-ધમકાવી અથવા છેતરપીંડી કરીને તેમનું જીવન બરબાદ કરવાની ઘટનાઓ સામે આવી છે.

સમાજના વિવિધ વર્ગો અને સંસ્થાઓએ આ મુદ્દે અવાજ ઉઠાવ્યો હતો. ખાસ કરીને એસપીજી દ્વારા આ સમસ્યાને પ્રાથમિક સ્તરે ઉજાગર કરવામાં આવી હતી અને ઉત્તર ગુજરાત સહિત વિવિધ વિસ્તારોમાં કાર્યક્રમો યોજાયા હતા. ઈટાલિયાએ જણાવ્યું કે સમાજના દબાણ અને માંગણીને પગલે સરકાર સુધારા માટે તૈયાર થઈ છે, જે સકારાત્મક બાબત છે. સાથે જ, કાયદામાં ફેરફાર કરતા પહેલાં જનતા પાસેથી સૂચનો મંગાવવાનો નિર્ણય પણ યોગ્ય છે. તેમણે સૂચન કર્યું કે ભવિષ્યમાં કોઈપણ કાયદો પસાર કરતા પહેલાં ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી જનતા તથા ધારાસભ્યો પાસેથી સૂચનો મંગાવવાની પરંપરા સ્થાપિત થવી જોઈએ. તેમણે વધુમાં માંગ કરી કે સરકાર તમામ ધારાસભ્યો સાથે સીધી બેઠક બોલાવી કાયદા સુધારા અંગે તેમના સૂચનો સાંભળે, કારણ કે ધારાસભ્યો જનતાના પ્રતિનિધિ છે. માત્ર ઑનલાઈન પોર્ટલ પૂરતું ન રાખીને, મંત્રી અને મુખ્યમંત્રી સ્તરે ફેસ-ટુ-ફેસ ચર્ચા થવી જોઈએ. ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ઉમેર્યું કે દીકરીઓની સુરક્ષા પક્ષ-વિપક્ષની બહારની બાબત છે અને કોઈપણ વ્યક્તિએ ખોટી ઓળખ, રાજકીય પ્રભાવ, મોટા નેતાઓ સાથેના સંબંધો અથવા ફોટાનો દબાણ બનાવી દીકરીઓનું શોષણ ન કરી શકે તે માટે કાયદામાં કડક જોગવાઈઓ હોવી જોઈએ. તેમણે કાયદામાં સુધારા અને સૂચનો મંગાવવાના નિર્ણયને આવકાર્યો, સમાજ અને સંબંધિત સંસ્થાઓને અભિનંદન પાઠવ્યા અને ધારાસભ્યોના સૂચનો પણ સત્તાવાર રીતે લેવામાં આવે તેવી માંગ વ્યક્ત કરી હતી.

આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ વિધાનસભા ખાતે એક પત્રકાર પરિષદમાં પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજે આજે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી દ્વારા લગ્ન નોંધણી કાયદામાં નિયમો લાગુ કરવા માટે સુધારો રજુ કરવામાં આવ્યો છે. આમાં ૩૦ દિવસ સુધી લોકોએ પોતાના સૂચનો આપવાના છે અને હું જે સમાજનું પ્રતિનિધિત્વ કરું છું, એમને ધ્યાનમાં રાખીને પણ હું સૂચનો આપવાનો છું. ગુજરાતમાં આદિવાસી સમુદાય વસે છે તેમની બહેન દીકરીઓને તમામ જાતિ જ્ઞાતિમાં લઈ જવામાં આવે છે, હું કોઈના પ્રેમનો વિરોધી નથી અને હું લગ્ન નહીં એક પવિત્ર બંધન માનું છું. પરંતુ દર વર્ષે હજારો દીકરીઓને બીજી જાતિ જ્ઞાતિમાં લઈ જવામાં આવે છે અને તેમની ગરીબી અને મજબૂરીઓનો લાભ ઉઠાવવામાં આવે છે. ત્યાં લઈ ગયા પછી અમને ઉપયોગ આદિવાસી લોકોને મળેલી રિઝર્વ બેઠક પર ચૂંટણી લડાવવા માટે થાય છે, 73AAની જમીનો લેવા માટે ઉપયોગ કરવામાં આવે છે, હોટલો-મોટલો અને એસટીના નામે પેટ્રોલ પંપની જે જાહેરાતો થાય છે, તેનો લાભ લેવા માટે ઉપયોગ કરવામાં આવે છે, ખોટા જાતિના પ્રમાણપત્ર બનાવવા માટે આ દીકરીઓનો ઉપયોગ કરવામાં આવે છે. તો આદિવાસી દીકરીઓ બીજી કોમ્યુનિટીમાં જાય છે તો આદિવાસી યુવાનો સાથે બીજી કોમ્યુનિટીની દીકરીઓને લગ્ન માટે સહમતિ મળે તેનો પણ સુધારો અમે રજૂ કરવાના છીએ. કારણ કે જ્યારે આદિવાસી દીકરો કોઈ બીજી કોમ્યુનિટીની દીકરી ને લઈને આવે છે તો દુનિયાભરનું જોર લગાવીને એ દીકરીને પાછી લઈ જવામાં આવે છે. આવી ઘટનાઓના કારણે આજે આદિવાસી વિસ્તારોમાં પુરુષ અને સ્ત્રીના રેશિયોમાં ખૂબ જ મોટું તફાવત છે અને આદિવાસી વિસ્તારોમાં યુવાનો લગ્ન વગર ફરે છે.

વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, ગૃહ મંત્રીએ લવ જેહાદની વાત કરી તો આદિવાસી દીકરીઓને જે રીતે બીજી કોમમાં લઈ જવામાં આવે છે અને તેમનો ફાયદો ઉઠાવવામાં આવે છે તેને પણ અટકાવવામાં આવે એ માટે અમે આ નિયમોમાં સુધારાની માંગ કરવાના છીએ. જે આદિવાસી દીકરીઓને બીજી જગ્યાએ લઈ જઈને એસટી કેટેગરીની સીટો પર ચૂંટણી લડવામાં આવે છે અને 73AAની જમીનો લેવામાં આવે છે આવા જે પણ ગેરલાભ ઉઠાવવામાં આવે છે તેને અટકાવવા માટે અમે અમારું સૂચન રજૂ કરીશું.

પ્રેમ સંબંધ બાદ બીજી કોમ્યુનિટીની દીકરીને અમારા સમાજનો યુવાન લઈને આવે છે, ત્યારે તે લોકોને સહમતી નથી મળતી તો આ લોકોને લગ્ન માટે સહમતિ મળે તેના સુધારાની પણ અમે વાત કરીશું. જુઓ બીજી કોમ્યુનિટીની દીકરીઓને અમારી કોમ્યુનિટીમાં આપવા માંગતા નથી તો મારી દીકરીઓને પણ બીજી કોમ્યુનિટીમાં ન લઈ જવામાં આવે એ સુધારો પણ અમે મૂકવાના છીએ.

આમ આદમી પાર્ટી જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખવાએ જણાવ્યું હતું કે તેમના દ્વારા લગ્ન નોંધણી સુધારા વિધેયક–૨૦૨૪ ગ્રૂપ ક્રમાંક ૬માં રજૂ કરવામાં આવ્યું છે અને ગત દિવસે તે વિધાનસભાના ગ્રૂપમાં દાખલ થયું છે. છેલ્લા બે વર્ષથી તેઓ આ મુદ્દે અભ્યાસ કરી રહ્યા હતા અને વિધાનસભાના નિયમો અનુસાર ખાનગી વિધેયક તૈયાર કરીને હવે સત્તાવાર રીતે રજૂ કર્યું છે. આ કાયદો બનાવવાની પ્રક્રિયામાં ગુજરાતભરમાંથી સૂચનો મંગાવવાની વાત મંત્રીએ પોતાના નિવેદનમાં કરી છે, જેને લઈને તેમણે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને અભિનંદન પાઠવ્યા છે. ગુજરાતની જનતાની ચિંતા એ છે કે કેટલીક દીકરીઓને લલચાવી, ફોસલાવી અથવા બ્લેકમેલ કરીને ખોટી રીતે લગ્ન નોંધણી કરાવવામાં આવે છે અને કાયદામાં રહેલી છટકબારીઓનો દુરુપયોગ કરીને કેટલાક તત્વો આવા કૃત્યો કરે છે. આવા બનાવો પર રોક લગાવવા માટે કડક અને સ્પષ્ટ કાયદાની જરૂર છે. હેમંત ખવાએ જણાવ્યું કે તેમની અપેક્ષા છે કે ગુજરાતના લોકો પાસેથી મળતા સૂચનો અને જનભાવનાઓને ધ્યાનમાં રાખીને મજબૂત અને અસરકારક કાયદો બનાવવામાં આવશે, જેથી દીકરીઓના શોષણ પર કડક રોક લાગી શકે. વિધેયક દાખલ થયા બાદ સરકાર તરફથી આ અંગે નિવેદન આવ્યું છે, છતાં તેઓ આ મુદ્દે કોઈ રાજકીય ટિપ્પણી કરવા માંગતા નથી. તેમનો ઉદ્દેશ માત્ર દીકરીઓની સુરક્ષા છે. જો સરકાર લોકોની અપેક્ષા મુજબનો કાયદો લાવશે, તો તેઓ વિરોધ પક્ષના ધારાસભ્ય હોવા છતાં ગાંધીનગર સ્થિત પોતાના નિવાસસ્થાનથી વિધાનસભા ભવન સુધી પગપાળા જઈ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીનું સન્માન કરશે.

## રાજયભરમાં ૨૩ ફેબ્રુઆરી થી તુવેરની ટેકાના ભાવે ખરીદી શરૂ : ૧.૩૩ લાખ થી વધુ ખેડુતોને મળશે સીધો લાભ

### ૧૩૦ ખરીદ કેન્દ્રો પરથી તુવેરની ટેકાના ભાવે ખરીદી: નોંધણી કરાવેલા તમામ ખેડુતો પાસેથી ખરીદી થશે

પ્રતિનિધિ,ગાંધીનગર




રાજયભરના ખેડુતોને તેમના ખેત ઉત્પાદનોના યોગ્ય અને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જાહેરાત કરી હતી કે આગામી તારીખ ૨૩ ફેબ્રુઆરી થી સમગ્ર ગુજરાતમાં તુવેરની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવશે.

વર્ષ ૨૦૨૫-૨૬ માટે તુવેરનો ટેકાનો ભાવ રૂપીયા ૮ હજાર પ્રતિ કિવન્ટલ એટલે કે રૂપીયા ૧૬૦૦ પ્રતિ મણ નકકી કરવામાં આવ્યો છે. રાજયના અંદાજે ૧.૩૩ લાખ થી વધુ ખેડુતોએ ટેકાના ભાવે વેચાણ કરવા માટે ઓનલાઈન નોંધણી કરાવી છે. વધુમાં વધુ ખેડુતો સુધી પહોચવા માટે રાજયભરમાં અંદાજે ૧૩૦ જેટલા ખરીદ કેન્દ્રો સુચિત કરવામાં આવ્યા છે. ખેડુતોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે સરકારે સુચારૂ આયોજન કર્યુ છે. નોંધણી કરાવેલા ખેડુતોને તેમના મોબાઈલ નંબર પર એસએમએસ દ્વારા ખરીદીની તારીખ અને સમયની જાણ કરવામાં આવશે. ખેડુતોએ એસએમએસ મળ્યા બાદ જ ફાળવેલા કેન્દ્ર પર પોતાના જથ્થા સાથે પહોચવાનુ રહેશે. મંત્રીએ ખાત્રી આપી હતી કે નોંધણી કરાવેલા તમામ ખેડુતો પાસેથી પુરતા પ્રમાણમાં તુવેરની ખરીદી કરવામા આવશે.

આ નિર્ણયથી રાજયના ખેડુતોને બજારના ઉતાર ચઢાવ સામે આર્થિક રક્ષણ મળશે અને તેમની મહેનતનુ પુરતુ વળતર સીધુ જ તેમના બેંક ખાતામાં જમા થશે.

## ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓને લઈ કોંગ્રેસ આક્રમક મુડમાં : ગુજરાત પ્રદેશ નેતાઓ સાથે કોંગ્રેસ હાઈકમાન્ડે કરી બેઠક

### આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓને લઈ આક્રમક નેતાઓની હાઈકમાન્ડે યાદી મંગાવી

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં નજીકના સમયગાળામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ આવી રહી છે, ત્યારે કોંગ્રેસ પણ હવે કોઈપણ ભોગે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ જીતવા એડીચોટીનુ જોર લગાડી રહી છે. અત્યાર થી જ આ મહત્વની ચુંટણીઓ માટે તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ત્યારે ચુંટણીની તૈયારીઓ અને ઉમેદવારોની પસંદગીને લઈને કોંગ્રેસ પક્ષ દ્વારા દિલ્હી ખાતે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજવામાં આવી હતી.

આ બેઠક દરમિયાન કેન્દ્રીય હાઈકમાન્ડે ગુજરાત પ્રદેશ નેતાઓને કેટલીક જરૂરી સુચનાઓ આપી છે. આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓને લઈને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભામાં પક્ષના નેતા તુષાર ચૌધરી સહિતના આગેવાનો દિલ્હી ખાતે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લીકાર્જુન ખડગે સાથે એક મહત્વની બેઠક યોજાઈ હતી. કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા આ બેઠકમાં પ્રદેશ નેતાઓને કેટલાક મહત્વપૂર્ણ સુચનો કરવામાં આવ્યા હતા. જેમાં મહાનગરપાલિકા, નગરપાલિકા અને જિલ્લા પંચાયતોની ચુંટણીઓમાં ઉમેદવારોની પસંદગી પર ખાસ ભાર મુકવામાં આવ્યો હતો. સુત્રોના કહેવા પ્રમાણે જે નેતાઓ તેમના જુથના દાવેદારોને ટીકીટ આપવા માટે કે દબાણ કે ભલામણ કરે તો તેવા લોકોને તાબે ન થવા સુચના આપી છે. વધુમાં વારંવાર શકિત પ્રદર્શન કરીને પક્ષની છબીને ખરડવાનો પ્રયાસ કરતા નેતાઓને પણ ચુંટણી માટે ટીકીટ આપવામાં અવગણવા કરવા માટેની સ્પષ્ટ સુચના કોંગ્રેસે હાઈકમાન્ડે આપી છે.

સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓને ધ્યાનમાં રાખીને રાહુલ ગાંધીના ઓફીસ ઈન્ચાર્જ અને સાંસદ શશીકાંત સેંથીલે સતત બે દિવસ સુધી વિવિધ જિલ્લાઓ, શહેર કોંગ્રેસના પ્રમુખોને રૂબરૂ બોલાવીને બેઠકો યોજી હતી. સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ભાજપ અને સરકારી તંત્ર સામે આક્રમક રીતે લડી શકે તેવા નેતાઓની યાદી એઆઈસીસી ને મોકલવાની સુચના આપવામાં આવી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના નેતાઓએ દિલ્હીમાં રાહુલ ગાંધી સહિતના નેતાઓ સાથેની બેઠકમા જનઆક્રોશ યાત્રામાં સામે આવેલા સરકાર વિરોધી મુદ્દા અને લોકોની સમસ્યાના આધારે તૈયાર કરેલો રોડ મેપ રજુ કર્યો હતો. આ રોડ મેપના આધારે આગામી ચુંટણી લડવામાં આવશે, ચુંટણીમાં ઉમેદવારી પસંદ કરવા એઆઈસીસી દ્વારા સીધા જ નિરીક્ષકોની નિમણુંક કરવામાં આવશે.

# ધારાસભ્યોએ ગલીના ઝઘડાની જેમ દેકારો મચાવ્યો : હર્ષ સંઘવી અને જિગ્નેશ મેવાણી ફરી એકવાર આવ્યા આમને સામને

પ્રતિનિધિ,ગાંધીનગર




હાલ ગુજરાત વિધાનસભાનુ સત્ર ચાલી રહયુ છે. ત્યારે બીજા દિવસે ગૃહમાં કોંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વચ્ચે તડાફડી જામી હતી. બંને વચ્ચે શાબ્દિક યુધ્ધ થી ગૃહમાં જોવા જેવો માહોલ સર્જાયો હતો. જિગ્નેશ મેવાણી સ્ટેટ મોનીરટીંગ સેલની બેઠકને લઈને સવાલો ઉઠાવ્યા હતા. મેવાણીએ એક પછી એક આક્ષેપ કરતા ગૃહમાં સત્તાધારી પક્ષ અને વિપક્ષના ધારાસભ્યોએ ભારે હોબાળો મચાવ્યો હતો.

ગઈ કાલે ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ સ્ટેટ મોનીટરીગ સેલની બેઠકને લઈને સવાલો કર્યા હતા, તેઓએ સરકાર સામે આક્ષેપ કરતા કહયુ હતુ કે મુખ્યમંત્રીને પતંગ ચગાવવાનો સમય મળે છે. દોરીની ખેંચ પણ સારી જાણે છે, પરંતુ કમનસીબે દલીત અને આદિવાસીઓ માટે તેઓ સમય નથી કાઢતા, દલીત અને આદિવાસીઓને થતા અત્યાચારને લઈને સ્ટેટ મોનીટરીંગ સેલની બેઠક મળતી જ નથી, ત્યારે જિગ્નેશ મેવાણીના સવાલનો જવાબ આપતા મંત્રી મનિષા વકીલે ગૃહમાં સ્ટેટ મોનીટરીંગ સેલની બેઠકનો અહેવાલ આપ્યો હતો. સાથે જ તેઓએ એમ પણ કહયુ હતુ કે જિગ્નેશ મેવાણી બેઠકમાં હાજર રહેતા નથી, આ બાદ મેવાણીએ ખુલાસો કરતા કહયુ હતુ કે ધારાસભ્યએ બેઠકમાં હાજર રહેવુ ફરજીયાત નથી, મામલો ગરમાતા અધ્યક્ષ શંકર ચૌધરીએ મેવાણીનુ નામ લઈને બેસી જવા આદેશ કર્યા હતા, ત્યારબાદ જિગ્નેશ મેવાણીએ બંધ માઈક પર હાથ લાંબો કરીને બોલવાનુ ચાલુ રાખ્યુ હતું. આમ જિગ્નેશ મેવાણીએ એક પછી એક આક્ષેપ કરતા ગૃહમાં સત્તાધારી પક્ષ અને વિપક્ષના ધારાસભ્યોએ ભારે હોબાળો મચાવ્યો હતો. ત્યારબાદ મેવાણીએ જવાબમાં કહયુ હતુ કે ભાંડો તો એ વાતનો ફુટી ચુકયો છે કે દારૂ ડ્રગ્સનો હપ્તો કયો મંત્રી લે છે, મામલો ગરમાતા અધ્યક્ષ શંકર ચૌધરીએ મેવાણીનુ નામ લઈને બેસી જવા આદેશ કર્યા હતા. આ બાદમાં પણ મામલો અટકયો ન હતો. ગુજરાત સરકારના પ્રવકતા મંત્રી જીતુ વાઘાણીએ મેવાણી માટે કહયુ કે કોઈ સડકછાપ રોમીયો કરે તેવુ ગૃહમાં કર્યુ છે, આ મામલે તેઓએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતા કહયુ કે અધ્યક્ષે આદેશ કર્યો છતાં મેવાણીએ પાલન કર્યુ નથી, જે સંસદીય મર્યાદાની વિરોધમાં છે. હવે પછી ગૃહમાં આવુ ન થાય તેનુ ધ્યાન રાખવુ જોઈએ. તો બીજી તરફ જીતુ વાઘાણીએ મેવાણીના સડકછાપ વર્તનનો ઉલ્લેખ કરતા ધારાસભ્ય શૈલેષ પરમારે વાંધો ઉઠાવ્યો હતો. આ બાદ શબ્દો રેકર્ડ પરથી દુર કરાયા હતા.

### ભાડે આપનાર માલિકોમાં ફફડાટ

## તરસમિયા આવાસ યોજનાના ૨૨ મકાનો સીલ કરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર

ભાવનગર મહાનગરપાલિકા (BMC) દ્વારા સરકારી આવાસ યોજનાના મકાનોનો વ્યાપારી હેતુ કે ભાડા માટે ઉપયોગ કરનારાઓ સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ભાવનગર શહેરના તરસમિયા વિસ્તારમાં આવેલી આવાસ યોજનામાં ભાવનગર મનપાની ટીમ દ્વારા રેડ કરવામાં આવી હતી. આ રેડ દરમિયાન કુલ ૨૨ જેટલા મકાનોને સીલ મારી દીધા છે. આ કાર્યવાહીને પગલે આવાસના નિયમો વિરૂદ્ધ મકાનો ભાડે આપનારા માલિકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

ઘટનાની મળતી વિગતો અનુસાર, ભાવનગર મનપા દ્વારા અગાઉ આ આવાસ યોજનાઓમાં સઘન સર્વે કરવામાં આવ્યો હતો. આ તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, ઘણા મૂળ લાભાર્થીઓ પોતે રહેવાને બદલે અન્ય લોકોને ભાડે રાખીને આર્થિક લાભ મેળવી રહ્યા હતા. નિયમ મુજબ સરકારી આવાસ ભાડે આપી શકાતા નથી, આથી ભાવનગર મનપાએ સર્વે બાદ ભાડુઆતો અને મકાન માલિકોને આવાસ ખાલી કરવા માટે કાયદેસરની નોટિસ ફટકારી હતી.નોટિસ આપ્યા છતાં અને નિર્ધારિત સમય મર્યાદા પૂર્ણ થઈ હોવા છતાં અનેક લોકોએ મકાન ખાલી કર્યા ન હતા. આખરે તંત્રએ કડક વલણ અપનાવીને તરસમિયા સ્કીમના આવાસો પર તવાઈ બોલાવી હતી અને ૨૨ થી ૨૩ મકાનોને સીલ કરી તેનો કબ્જો સંભાળ્યો હતો.

## ધંધુકા APMCમાં હરાજીનો પ્રારંભ, ૧૩૧૧ સુધીના ભાવ બોલાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતના પ્રખ્યાત ભાલ પંથકના ખેડૂતો માટે લાંબા સમયની રાહનો અંત આવ્યો છે. આજે શુક્રવાર (૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬)થી ધંધુકા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC) ખાતે ચણાની જાહેર હરાજીનો વિધિવત અને ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો છે. ચણાની નવી આવક શરૂ થતા જ માર્કેટ યાર્ડ ખેડૂતો અને વેપારીઓની ચહલપહલથી ગુંજી ઉઠ્યું હતું. આજના પ્રથમ દિવસની હરાજી પ્રસંગે ધંધુકા APMCના ચેરમેન તથા વાઈસ ચેરમેન ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સંસ્થાના ડિરેક્ટરો, અગ્રણી વેપારીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતોની હાજરીમાં શાસ્ત્રોક્ત વિધિ બાદ હરાજીની શરૂઆત કરવામાં આવી હતી. હરાજીના પ્રથમ દિવસે જ બજારમાં અંદાજે ૨૧૦ ક્વિન્ટલ ચણાની આવક નોંધાઈ હતી. ખેડૂતોને તેમની મહેનતના સારા ભાવ મળી રહેતા સંતોષ જોવા મળ્યો હતો. ચણાની ગુણવત્તા પ્રમાણે ભાવ આપવામાં આવી રહ્યો છે. આજના સોદા દરમિયાન બજારના ભાવ નીચે મુજબ રહ્યા હતા.

મહત્તમ ભાવ: ૧૩૧૧ (પ્રતિ મણ)

લઘુતમ ભાવ: ૧૦૫૧ (પ્રતિ મણ)

ભાલ પંથક તેની વિશિષ્ટ ભૌગોલિક સ્થિતિ અને કુદરતી ભેજવાળી જમીન માટે વિશ્વભરમાં જાણીતું છે. અહીં થતા ચણા તેની ખાસ ગુણવત્તા, કદ અને સ્વાદ માટે જાણીતા છે. કુદરતી ભેજમાં તૈયાર થયેલા આ પાકની બજારમાં હંમેશા વધુ માંગ રહેતી હોય છે. સિઝનની શરૂઆતમાં જ સારા ભાવ મળતા ખેડૂતોમાં આગામી દિવસોમાં વધુ આવક થવાની આશા બંધાઈ છે.

# દેશભરમાંથી ગુમ થતાં લાખો લોકો આખરે ક્યાં પગ કરી જાય છે? સરકાર કેમ મૌન છે?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશભરમાંથી દર વર્ષે મોટી સંખ્યામાં લોકો ગુમ થઈ રહ્યા છે અને થાય છે. જેમાં મોટાભાગે બાળકો, મહિલાઓ અને છોકરીઓ હોય છે. આ વર્ષે જાન્યુઆરીના પહેલા વીકમાં ફકત રાજધાની દિલ્હી માંથી જ ૮૦૦ થી વધુ લોકો ગુમ થયાના સમાચારોએ ફરી એકવાર આ મુદ્દાની ગંભીરતા પર ભાર મૂકયો છે. છતાં આશ્ચર્યજનક રીતે આ ગુનાહિત સમસ્યાનો ઉકેલ લાવવા માટે કોઈ એકીકૃત રાષ્ટ્રીય પ્રયાસો થયા નથી. ગુમ થયેલા વ્યક્તિઓનું રાજય-દર-રાજય વિશ્લેષણ પણ ભાગ્યે જ ઉપલબ્ધ છે. આજ સુધી કેટલા મળી આવ્યા છે. અને આવા કિસ્સાઓ પાછળ કોણ હતું એ અંગે કોઈ માહિતી જ મળતી નથી. વિચાર કરો કે જો ફકત દિલ્હી માંથી થોડા દિવસોમાં ૮૦૦ જણા ગુમ થયા હોય તો આખા દેશમાંથી કેટલા લોકો ગુમ થયા હશે?

આજ કારણે આ મુદ્દા પર ચિંતા વ્યકત કરતાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને તપાસ કરવા કહ્યું કે શું દેશના વિવિધ ભાગોમાં ગુમ થયેલા બાળકોની ઘટનાઓ પાછળ કોઈ ખાસ જૂથનો હાથ છે? આ માટે તેણે કેન્દ્ર સરકારને આવા કેસોની સંખ્યા અને તમામ રાજયોમાંથી લેવામાં આવેલા પગલાંની વિગતો એકત્રિત કરવા અને તેનું વિશ્લેષણ કરવાનો નિર્દેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટ જ્યારે આવો આદેશ આપી શકે છે ત્યારે શું કેન્દ્ર સરકારની આ ફરજ ન હતી કે તે આવા કોઈ પગલાં ભરે?

અત્રે ઉલ્લેખનીય છે કે કેન્દ્રિય મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે દેશભરમાંથી ગુમ થયેલા બાળકોના ડેટા એકત્રિત કરવા માટે એક પોર્ટલ બનાવ્યું છે. જ્યાં બધા રાજયો આવી ઘટનાઓની વિગતો સબમિટ કરી શકે છે. જો કે આ પ્રક્રિયામાં સરકારી તંત્રની ઉદાસીનતા સ્પષ્ટ છે. કેન્દ્ર સરકારે પોતે સુપ્રીમ કોર્ટમાં સ્વીકાર્યું હતું કે કેટલાક રાજયોએ ગુમ થયેલા બાળકો અને સંબંધિત કાર્યવાહી સંબંધિત ડેટો પૂરો પાડયો નથી. પણ આવો જવાબ અદાલતમાં આપીને કેન્દ્ર સરકાર પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં.

આમ આ મુદ્દાની ગંભીરતાનો અંદાજ નેશનલ ક્રાઈમ રેકોર્ડસ બ્યુરો (NCB) ના એ અહેવાલ પરથી લગાવી શકાય છે કે, જેમાં જણાવાયું છે કે ૨૦૨૩ માં દેશભરમાં ૮,૦૦,૦૦૦ (આઠ લાખ) થી વધુ લોકો ગુમ થયા હતા. આ સમસ્યા ખાસ કરીને દિલ્હી જેવા મોટા શહેરોમાં ગંભીર છે. ગુજરાતમાં પણ આ સમસ્યા ગંભીર જ છે. જ્યાં આપણાં શહેરોથી લઈને ગામડાઓ સુધ્ધાંમાંથી ગુમ થનારા લોકોના સમાચારો સતત આવતા જ રહે છે. એમાંયે મુખ્યત્વે નાના બાળકો કે બાળકીઓની સંખ્યા મોટી હોય છે. તેથી દરેક રાજય પોતાની જવાબદારી સમજે અને ગુમ થયેલી વ્યક્તિઓના કિસ્સામાં તાત્કાલિક કાર્યવાહી કરે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો કોઈ બેદરકારી જોવા મળે છે તો સિસ્ટમમાં જનતાનો વિશ્વાસ જાળવી રાખવા માટે સંબંધિત અધિકારીઓને જવાબદાર ઠેરવવા જોઈએ. અને કાયદેસરની કાર્યવાહી કરી તંત્રને જવાબદારીનું ભાન કરાવવું જોઈએ. નહીંતર નિરંતર આ સિલસિલો ચાલ્યા જ કરશે. અને તંત્ર ભર નિંદ્રામાં પોઢેલુ જ રહેશે.

### જનહિતના મુદ્દાઓથી પ્રેરાઈ કાર્યકરોનો આમ આદમી પાર્ટીમાં પ્રવેશ : સાગર રબારી AAP

# ધોળકા વિધાનસભામાં AAP મજબૂત બની, ખેડૂત નેતા સાગર રબારીની આગેવાનીમાં સામાજિક કાર્યકરો જોડાયા

**કાંતિભાઈ નકુમ, સામાજિક કાર્યકર અને એડવોકેટ કનુભાઈ, મનીષાબેન મહેરિયા, રોશનભાઈ જગદીશભાઈ અને જગદીશભાઈ મકવાણાને પાર્ટીનો ખેસ પહેરાવી આવકાર્યા**

અમદાવાદ/ગુજરાત

ધોળકા વિધાનસભા વિસ્તારમાં રાજકીય હલચલ વચ્ચે આમ આદમી પાર્ટીને વધુ મજબૂતી મળી છે. કામની રાજનીતિ અને જનહિતના મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને કાર્ય કરતી પાર્ટીમાં દિવસેને દિવસે વિવિધ વર્ગોના લોકો જોડાઈ રહ્યા છે. ભાજપ અને કોંગ્રેસ જેવા પરંપરાગત પક્ષો ઉપરાંત હવે સામાજિક કાર્યકરો અને સામાન્ય નાગરિકો પણ પાર્ટી તરફ આકર્ષાઈ રહ્યા છે. આજે આમ આદમી પાર્ટીના નેતા અને ખેડૂત આગેવાન સાગર રબારીની આગેવાનીમાં એક ખાસ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન અનેક જાણીતા સામાજિક કાર્યકરો આમ આદમી પાર્ટીમાં સત્તાવાર રીતે જોડાયા હતા. સામાજિક કાર્યકરોમાં કાંતિભાઈ નકુમ, એડવોકેટ કનુભાઈ, મનીષાબેન મહેરિયા, રોશનભાઈ જગદીશભાઈ અને જગદીશભાઈ મકવાણા સહિતના આગેવાનોનો સમાવેશ થાય છે. કાર્યક્રમ દરમિયાન સાગર રબારીએ તમામ કાર્યકરોને પાર્ટીનો ખેસ પહેરાવી સ્વાગત કર્યું અને જણાવ્યું કે સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે સજાગ અને સક્રિય કાર્યકરોની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે ઉમેર્યું કે ખેડૂતો, યુવાનો અને સામાન્ય નાગરિકોના પ્રશ્નોને ઉકેલવા માટે પાર્ટી પ્રતિબદ્ધ છે અને નવા જોડાયેલા કાર્યકરો સાથે મળીને ધોળકા વિસ્તારમાં વિકાસ અને જનહિતના મુદ્દાઓને વધુ જોરદાર રીતે આગળ ધપાવવામાં આવશે. પાર્ટીના કાર્યકરોમાં આ જોડાણને લઈને ઉત્સાહ જોવા મળ્યો હતો. સ્થાનિક સ્તરે સંગઠનને મજબૂત બનાવવાની દિશામાં આ જોડાણને મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

# AAP રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલજી બે દિવસના ગુજરાત પ્રવાસે

**૨૧-૨૨ ફેબ્રુઆરીએ AAP રાષ્ટ્રીય નેતા અરવિંદ કેજરીવાલજી અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સાહેબ ગુજરાતની મુલાકાત લેશેઃ મનોજ સોરઠીયા**

અમદાવાદ/ભાવનગર/ગુજરાત

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલજી અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સાહેબ ગુજરાત પ્રવાસે પધારી રહ્યા છે. આ મુદ્દે આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય નેતા અરવિંદ કેજરીવાલજી અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સાહેબ ૨૧ ફેબ્રુઆરીએ પોતાના બે દિવસના ગુજરાત પ્રવાસે પધારી રહ્યા છે. આમ આદમી પાર્ટીએ સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે ચૂંટણી સમિતિની જાહેરાત કરી દીધી છે અને મજબૂતીથી ચૂંટણી તરફ આગળ વધી રહી છે. અરવિંદ કેજરીવાલજી અમદાવાદ એરપોર્ટ ખાતે પધારશે અને મીડિયાને સંબોધન કરશે. ત્યારબાદ અરવિંદ કેજરીવાલજી અને ભગવંત માન સાહેબ આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતૃત્વ સાથે સંગઠન મુદ્દે મહત્વપૂર્ણ બેઠક કરશે. વધુમાં AAP નેતા મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, ત્યારબાદ રવિવારે ૨૨ ફેબ્રુઆરીએ ભાવનગરમાં આમ આદમી પાર્ટીના નેશનલ જોઈન્ટ સેક્રેટરી રાજુભાઈ સોલંકીની આગેવાનીમાં જે માંધાતા ગ્રુપના સમૂહ લગ્નનું આયોજન થઈ રહ્યું છે, તેમાં અરવિંદ કેજરીવાલજી અને ભગવંત માન સાહેબ હાજરી આપશે. ત્યારબાદ વલ્લભીપુર તાલુકાના પછે ગામમાં મુરલીધર મંદિરની પ્રતિષ્ઠામાં પણ અરવિંદ કેજરીવાલજી અને ભગવંત માન સાહેબ હાજરી આપશે અને દર્શન કરશે. સાથે સાથે અરવિંદ કેજરીવાલજી અને ભગવંત માન સાહેબ જાણીતા વકતા રમેશભાઈ ઓઝાની કથાનું રસપાન પણ કરશે.

# આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓને લઈ પ્રદેશ ભાજપ પ્રમુખ વિશ્વકર્માએ કરી ભવિષ્યવાણીઃ ચુંટણીઓમાં કોંગ્રેસના સુપડા થશે સાફ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત વિધાનસભામાં રાજયપાલના સંબોધન પરની ચર્ચા દરમિયાન પ્રદેશ ભાજપ પ્રમુખ અને ધારાસભ્ય જગદીશ વિશ્વકર્માએ વિપક્ષને આડે હાથ લીધા હતા. જગદીશ વિશ્વકર્માએ આક્રમક અંદાજમાં કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. તેમણે રાજયના વિકાસ અને આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ મુદ્દે મહત્વના નિવેદનો આપ્યા હતા. ગુજરાત વિધાનસભા ગૃહમાં સંબોધન કરતા તેમણે કહ્યુ હતુ કે એક સમય હતો જયારે વિશ્વ ભારતને માત્ર સપેરાઓ (મદારીઓ) ના દેશ તરીકે ઓળખતુ હતુ, પરંતુ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મજબુત નેતૃત્વમાં ભારતે આ છબી બદલી નાખી છે, અને દેશ વિકાસના નવા શિખરો સર રહયો છે. તેમણે વધુમાં ઉમેર્યુ હતુ કે ભાજપ સરકારનો વિકાસ આજે કોંગ્રેસને આંખમાં કણાની જેમ ખુંચી રહયો છે. માત્ર કોંગ્રેસ જ નહી પરંતુ તાજેતરમાં બનેલી નવી નવી પાર્ટીઓને પણ ગુજરાતનો વિકાસ હજમ થતો નથી, આજે વિશ્વની મોટી ફોરેન કંપનીઓ ગુજરાતમાં રોકાણ કરવા માટે આતુર છે, અહીં પોતાના પ્લાન્ટ સ્થાપિ રહી છે, રમત ગમત ક્ષેત્રે ગુજરાતની સિધ્ધીઓ વિશે વાત કરતા તેમણે ગૌરવભેર જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૩૦ માં ગુજરાતમાં કોમનવેલ્થ ગેમ્સ નુ આયોજન થશે, જે સમગ્ર રાજય અને દેશ માટે ઐતિહાસિક ક્ષણ હશે. પ્રદેશ પ્રમુખ વિશ્વકર્માએ આત્મવિશ્વાસ સાથે ભવિષ્યવાણી કરતા જણાવ્યુ હતુ કે આગામી સમયમાં યોજાનારી નગરપાલિકા, મહાનગરપાલિકા, તાલુકા અને જિલ્લા પંચાયતોની ચુંટણીઓમાં વિપક્ષનો સંપૂર્ણ સફાયો થઈ જશે. જનતા ભાજપના વિકાસ કાર્યો પર મહોર મારશે અને વિપક્ષ પાસે હાર સિવાય કંઈ જ નહી બચે, જગદીશ વિશ્વકર્માએ વિપક્ષની જુની કાર્ય પધ્ધતિ પર કટાક્ષ કરતા જણાવ્યુ હતુ કે ભાજપ સરકાર માત્ર વાયદાઓ નથી કરતી જે પ્રોજેકટનુ ખાતમુહુર્ત ભાજપ કરે છે તેનુ લોકાર્પણ પણ ભાજપની સરકાર જ કરે છે. આ પંકિત દ્વારા તેમણે સરકારની સમયબધ્ધ કામગીરીનો ચિતાર રજુ કર્યો હતો.




# તમને એક મહિલા તરીકે શરમ આવવી જોઈએઃ હિતુ કનોડીયાની પત્ની મોના થીબા પર નયનબા જાડેજા ભડકયા

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટમાં પોતાની ફીલ્મના પ્રમોશન દરમિયાન મોના થીબાએ દેહ વેપાર અંગે વિવાદીત ટીપ્પણી કરી હતી. તેમણે દેહ વેપારને સમાજ સેવા ગણાવતા કહયુ હતુ કે દેહ વેપાર હોવાને કારણે જ બહેન દિકરીઓ પર બળાત્કાર બનાવો ઘટે છે, જો કે હવે આ વિવાદાસ્પદ નિવેદનથી વિવાદનો મધપુડો છંછેડાયો છે. મોના થીબા ના નિવેદનને લઈને કોંગ્રેસ આગેવાન નયનાબા જાડેજાએ વિરોધ નોંધાવ્યો છે.




નયનાબા જાડેજાએ મોના થીબાનો વિરોધ કરતા કહયુ હતુ કે એક મહિલા તરીકે આવુ નિવેદન આપવુ દુર્ભાગ્યપૂર્ણ છે. વૈશ્યાવૃત્તિ કરનારી મહિલાઓના દુઃખને સમજવાની અપીલ કરી છે, નયનાબા જાડેજાએ વિરોધ કરતા અનેક સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહયુ હતુ કે અભિનેત્રીએ કહયુ કે વૈશ્યાવૃત્તિ એક સમાજ સેવા છે. પણ વૈશ્યાવૃત્તિ ઘણા લોકો મજબુરીમાં કરતા હોય છે, તો ઘણા લોકો મરજીથી કરતા હોય છે, તેમની હાલત શું હશે, તમે કહેવા શું માગો છો ? આ રીતે સમાજ સેવા કરવાનો રસ્તો થયો , અત્યારના જે કલાકારો છે જે બેફામ નિકળી પડયા છે, તમે એક મહિલા છો કંઈક વિચારો, તમને શરમ આવવી જોઈએ, આ કામને તમે સમાજસેવા નામ આપો છો,

વધુમાં નયનાબાએ કહયુ હતુ કે કોઈક વાર એ મહિલાઓને મળો તો ખરા, જે મજબુરીમાં કામ કરે છે, તેમની પર શું વિતે છે, તે દિવસમાં કેટલી વાર મરતી હશે , આ કયા પ્રકારની સમાજ સેવા છે, કયા પ્રકારનો સંદેશ તમારે લોકોને આપવો છે, તમે કાયદા લાવો એના માટે પહેલ કરો, આ તમે કેવો મેસેજ આપો છો કે વૈશ્યાવૃત્તિને સમાજ સેવા ગણાવો છો, તમને એક મહિલા તરીકે શરમ આવવી જોઈએ, ઉલ્લેખનીય છે કે રાજકોટમાં તાજેતરમાં એક ગુજરાતી ફીલ્મના પ્રમોશન દરમિયાન જાણીતી અભિનેત્રી મોના થીબા એ વૈશ્યાવૃત્તિ પર વિવાદીત નિવેદન આપતા વિવાદનો મધપુડો છંછેડાયો છે. વૈશ્યાવૃત્તિ જેવા વિષય પર બનેલી ફીલ્મના પ્રમોશનમાં અભિનેત્રીએ આ વ્યવસાયને સમાજ સેવા ગણાવતા સોશીયલ મીડીયાથી લઈને સામાજિક સંગઠનોમાં ભારે રોષ જોવા મળી રહયો છે. વધુમાં અભિનેત્રીએ કહયુ હતુ કે દેહ વેપારને લીધે જ બહેન દિકરીઓ પર બળાત્કાર થતા નથી.

# રાજુ કરપડા અને કરશનદાસ ભાદરકાની મુલાકાતઃ બાપુએ કોંગ્રેસમાં જોડાવવા રાજુ કરપડાને આપ્યુ આમંત્રણ

પ્રતિનિધિ,ગાંધીનગર

જયારે આમ આદમી પાર્ટીમાંથી રાજુ કરપડાએ રાજીનામુ આપ્યુ છે. ત્યારથી સતત રાજકીય ગરમાવો જોવા મળી રહયો છે. રાજુ કરપડા જયારથી રાજીનામુ આપી આમ આદમી પાર્ટીમાંથી છુટા થયા છે ત્યારથી સતત આમ આદમી પાર્ટી દ્વારા તેમના પર આક્ષેપો કરવામાં આવી રહયા છે. સાથે જ હવે રાજુ કરપડા કયા પક્ષમાં જોડાશે તેવી અટકળો પણ ચાલી રહી છે. તે વચ્ચે હવે રાજુ કરપડા અને કોંગ્રેસ નેતા કરશનદાસ ભાદરકાની મુલાકાત થઈ હતી. અને આ મુલાકાત દરમિયાન રાજુ કરપડાને કોંગ્રેસમાં જોડાવવા માટે હવે કરશનદાસ ભાદરકાએ આમંત્રણ આપ્યુ છે.

હાલ અમારા સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ રાજુ કરપડા ભાજપમાં જોડાય તેવી ખુબ પ્રબળ શકયતાઓ છે. ત્યારે હવે રાજુ કરપડા સતત ખેડુતો સાથે બેઠકો કરી રહયા છે અને તેના કારણે હવે આગામી સમયમાં રાજુ કરપડા કયા પક્ષમાં જોડાય છે તે જોવાનુ રહયું.



# લગ્ન નોંધણીના બીલમાં માતા પિતા વાંધા અરજી રજુ કરી શકશે : હર્ષ સંઘવીએ આપ્યો જવાબ

પ્રતિનિધિ,ગાંધીનગર

લગ્ન નોંધણીના નિયમોમાં સુધારણા બીલને આજે ગુજરાત વિધાનસભા ગૃહમાં રજુ કરાયુ હતું. નિયમ ૪૪ હેઠળ સુધારા કરવામાં આવ્યા છે. જે મુજબ હવેથી ગુજરાતમાં લગ્ન નોંધણીમાં ૩૦ દિવસ સુધી વાંધા અરજી રજુ કરી શકાશે.



નોંધણીમાં હવે માતા પિતાનો મોટો રોલ રહેશે, ત્યારે આ બીલ વિશે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ હતુ કે લગ્ન નોંધણી વખતે રાજયની લાખો માતાઓની વેદનાને વાચા આપતા મુખ્યમંત્રી અને તેમની સરકાર પ્રતિબધ્ધ છે. લગ્ન નોંધણીના નિયમમાં રહીને લગ્ન નોંધણીની પ્રક્રિયાના ટ્રાન્સપરન્સી અને કડકાઈની પ્રક્રિયા જાહેર કરાઈ છે.

આજે લાખો માતા પિતાની વેદનાને વાચા મળી છે, રાજય સરકાર દ્વારા ખુબ ગંભીરતા પૂર્વક ધ્યાને લઈ માતાઓને અદભુત કવચ સરકારે આપ્યુ છે. વધુમાં કહયુ હતુ કે જુના અને નવા નિયમમાં ચાર બાબતમાં સુધારો કરાયો છે.

અગાઉ અરજી વખતે વર વધુના દસ્તાવેજ લેવામાં આવતા હતા, દસ્તાવેજ અપુરતા હતા અને હાજરી વગર લગ્ન નોંધાઈ જતા હતા, અગાઉ ગ્રામ્ય લેવલે તલાટી પાસે સત્તા હતી ત્યારે હવે નવામાં દસ્તાવેજ ચકાસણી વધારી છે, વર વધુની હાજરી ફરજીયાત કરી છે, તલાટી ઉપર અધિકારીને સત્તા અપાઈ છે, તેઓએ આગળ કહયુ હતુ કે વિધી વિધાન સાથે મંજુરી સાથે લગ્ન કરે અને પ્રેમ લગ્નમાં ઓળખ ખોટી ન બતાવે તેવાની ચિંતા કરી છે, નોટરી બનાવે તે નોટરી તમામની હાજરી વગર નોટરી કરે તો તેના પર પગલા લેવાશે, તલાટી અરજી સ્વીકારી દસ્તાવેજ ચકાસણી કરી ઉપરી અધિકારી ફાઈનલ કરી નોંધણી કરાશે, નંબર અને સરનામુ લેવામાં આવશે, એટલુ જ નહી લગ્ન નોંધણીના દિવસે જ માતા પિતાને તમામ વિગત મોકલવામાં આવશે. જો માતા પિતાને વાંધો હોય તો એ નહી ચલાવી લેવાય, દિકરી પર દબાણ હશે તો નહી ચલાવાય, ૧૦ દિવસમાં તમામ વિગત માતા પિતાને મોકલવામાં આવશે, એક મહિનો નોંધણીની પ્રક્રિયામાં સમય થશે,

નવા સુધારા મુજબ આવનાર દિવસમાં પોર્ટલ બનાવવામાં આવશે, નોંધણી કરવાના દિવસે વોટસએપ માં માતા પિતાને જાણ કરવામાં આવશે, લેભાગુ સિસ્ટમમાં એરર શોધી તેને વધુ સારી બનાવવાનો પ્રયાસ કરાશે, જે લેવલ પર થી ખોટુ કરે તેની સામે કાનુની કાર્યવાહી કરાશે, એક મહિનાનો સમય લોકોને આપ્યો છે, તમામ પોત પોતાની લાગણી આપી શકે છે, સંઘવીએ વધુમાં કહયુ કે દિકરી જયારે જન્મે છે ત્યારે પિતાના આંગણે તુલસીનો કયારો બની ઉછરે છે, દિકરી યુવાન થાય ત્યારે કોઈ લેભાગુ , ટપોરી દિકરીને સોશીયલ મીડીયા કે ફોસલાવી, સુખી સંપન્ન કે મધ્યમ કે અન્યને ફસાવતા હોય છે, દિકરીના જીવન બગાડવાનુ કામ કરતા લેભાગુ ટપોરી દ્વારા કરાય છે.

રાજયમાં બે વરસમાં નિયમ હતા તેમાં છટકબારી શોધી ટુકડીઓ દ્વારા ષડયંત્ર કરી એરર શોધી દિકરીઓનુ જીવન બગાડયુ છે. જે અધિકારી દિકરીઓના જીવન બરબાદ કરવામાં જોડાયેલા હતા, સાથ આપનાર હતા , આ સિસ્ટમમાં આવનાર લોકો સામે પગલા ભરવામાં આવ્યા છે. અનેક જિલ્લામાં સિસ્ટમમાં રહેલા લેભાગુ લોકોને કેસ કરીને જેલમાં મોકલવામાં આવ્યા છે. પંચમહાલ જિલ્લામાં કંકોડાકોઈ અને નાથકુવા ગામની ઘટનાનો ઉલ્લેખ હર્ષ સંઘવીએ કર્યો હતો. તેઓએ કહયુ હતુ કે આ બે ગામમાં એકપણ મુસ્લીમ નહી , ન કોઈ મસ્જીદ કે દરગાહ નથી, પણ ગામના તલાટીએ અગણીત નિકાહ રજીસ્ટર કઈ રીતે થઈ શકે, આ ધ્યાને આવતા અમે પગલા લીધા હતા.

# ગુજરાતના વાતાવરણમાં આવ્યો પલ્ટો : સુરત, અંકલેશ્વર અને ગોધરામાં પડયો ભારે વરસાદ

પ્રતિનિધિ,ગાંધીનગર

દક્ષિણ ગુજરાતમાં આજે શુક્રવારે સવારે અચાનક પલ્ટો આવ્યો હતો. રાજયમાં ગરમીની શરૂઆત થઈ રહી છે ત્યારે પંચમહાલ જિલ્લામાં આજે શુક્રવારે વહેલી સવારે વાતાવરણમાં એકાએક પલ્ટો જોવા મળ્યો હતો. ગોધરા શહેર સહિત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં અચાનક કમોસમી વરસાદ ખાબકયો હતો. અચાનક થયેલા આ વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક તો પ્રસરી છે પરંતુ ખેડુતોના જીવ અધ્ધર થઈ ગયા છે. તો વળી બીજી તરફ સુરતમાં માવઠાની આગાહી વચ્ચે આજે શુક્રવારે વહેલી સવારે વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો હતો. ઝાંપટા પડયા બાદ ધોધમાર વરસાદ શરૂ થતા લગ્ન પ્રસંગોમાં અડચણ ઉભી થઈ હતી.



સુરત શહેર અને જિલ્લામાં વહેલી સવારથી જ વરસાદી માહોલ જામ્યો હતો. લગ્નની સિઝન ફુલ જોશમાં ચાલતી હોવાથી ખુલ્લા મેદાન કે પાર્ટી પ્લોટમાં બાંધેલા લગ્ન મંડપ અને શણગાર વરસાદથી ભીંજાઈ ગયા હતા. વરસાદી ઝાંપટાને કારણે વહેલી સવારે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. જેનાથી ઠંડીનુ જોર પણ વધ્યુ હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ હાલ રાજયમાં વેસ્ટર્ન ડીસ્ટરબન્સ, સાયકલોનીક સરકયુલેશન અને ટ્રફ એમ ૩ સિસ્ટમ સક્રિય હોવાથી કેટલાક વિસ્તારોમાં વરસાદ તો કેટલાક વિસ્તારોમાં વાદળછાયુ વાતાવરણ રહેશે. આગામી કેટલાક દિવસોમાં આશરે ૩૦ થી ૪૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાઈ શકે છે. ઉત્તર પશ્ચિમના પવનોની ગતિ પણ સામાન્ય કરતા વધુ રહેવાની શકયતા છે. ૨૪ ફેબ્રુઆરી દરમિયાન રાજયમાં હવામાન મુખ્યત્વે સુકુ રહેવાની સંભાવના છે. લઘુત્તમ તાપમાન આગામી બે દિવસમાં ૨ થી ૩ ડીગ્રી નો વધારો જોવા મળી શકે છે. છેલ્લા થોડા દિવસોથી પંચમહાલ જિલ્લામાં વિચિત્ર હવામાન જોવા મળી રહયુ છે. જિલ્લામાં શિયાળો અને ઉનાળો એમ બંને ઋતુનો એક સાથે અનુભવ થઈ રહયો છે.

# હોમગાર્ડ જવાનો માટે ગુજરાત હાઈકોર્ટે કર્યો મહત્વનો નિર્ણય : પોલીસ જેવા લાભો નહી મળે પણ પગાર વધશે ?

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના હોમગાર્ડ જવાનો માટે ગુજરાત હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. સમાન કામ સમાન વેતન મુદ્દે દાદ માંગતી ઢગલાબંધી રીટ કોર્ટે ફગાવી દીધી છે. રાજયના હોમગાર્ડ જવાનોએ પોલીસ કર્મચારીઓ જેવા જ પગાર અને અન્ય લાભો મેળવવા માટે કરવામાં આવેલી અનેક રીટ અરજીઓને ફગાવી દેવામાં આવી છે.




હાઈકોર્ટના જસ્ટીસ મૌલિક જે શેલતે સ્પષ્ટ કર્યુ હતુ કે હોમગાર્ડ અને પોલીસની ફરજો અલગ અલગ છે. જેથી તેમને સમાન ગણી શકાય નહી, ગુજરાત હાઈકોર્ટે પોતાના ચુકાદામાં કેટલીક મહત્વપૂર્ણ બાબતો સ્પષ્ટ કરી જેમાં કોર્ટે નોધ્યુ છે કે રાજયના હોમગાર્ડ જવાનો અને પોલીસ કર્મચારીઓના કામ એક સમાન નથી. આથી અહીં સમાન કામ માટે સમાન પગારનો નિયમ લાગુ કરી શકાતો નથી. કોર્ટે ઉમેર્યુ હતુ કે બોમ્બે હોમગાર્ડઝ એકટ ૧૪૭ મુજબ હોમગાર્ડ ની સેવા એ એક સ્વૈચ્છિક સંગઠન અને માનદસેવા છે. તેમની સેવાને બારમાસી કે કાયમી સેવા તરીકે વર્ગીકૃત કરી શકાય નહી, પોલીસ કર્મચારીઓની નિમણુંક એક ચોકકસ કાયદેસરની અને રેગ્યુલર પ્રક્રિયા દ્વારા થાય છે જયારે હોમગાર્ડ ની પસંદગી અલગ વ્યવસ્થાથી કરવામાં આવે છે.

ગુજરાત સરકાર વતી આ અરજીઓનો પહેલાથી સખત વિરોધ કરવામાં આવ્યો હતો. સરકારની મુખ્ય દલીલોની વાત કરીએ તો હોમગાર્ડ જવાનોની સેવા સ્વૈચ્છિક છે. જયારે પોલીસની સેવા કાયમી અને નિયમિત હોય છે. બંનેના કામના કલાકો , જવાબદારીઓ અને સેવાકીય પ્રવૃત્તિઓમાં જમીન આસમાનનો ફર્ક છે. તેથી તેમની સરખામણી પોલીસ જવાનો સાથે કરવી તર્ક સંગત નથી. જો કે ગુજરાત હાઈકોર્ટે હોમગાર્ડ જવાનોની અરજીઓ ફગાવી દીધી હોવા છતાં હોમગાર્ડ જવાનોની સ્થિતિ પ્રત્યે સંવેદનશીલતા દાખવી છે. હાઈકોર્ટે રાજય સરકારને સુચન કર્યુ છે કે હોમગાર્ડ જવાનોના વર્તમાન પગારધોરણ માં સુધારો કરવા અંગે વિચારણા કરવી જોઈએ. અરજદારોની દલીલ હતી કે તેઓ મહિનામાં લગભગ ૨૭ દિવસ ફરજ બજાવે છે તેથી તેમને આર્થિક રક્ષણ મળવુ જોઈએ, હાઈકોર્ટે આ પાસાને ધ્યાને રાખીને રાજય સરકારનો પગારધોરણ સુધારવા ભલામણ કરી છે. પરંતુ તેમને પોલીસ કે બોર્ડરવીંગ હોમગાર્ડ જેવા જ લાભો આપવાનો સાફ ઈન્કાર કર્યો છે.